| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૭/૦૯/૨૦૨૦ |
| રજીસ્ટર તારીખ | ૧૭/૦૯/૨૦૨૦ |
| નિકાલ તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ:૫,માસ:૧૦,દિવસ:૨૬ |

सत्यमेव जयते

---

**દેવભૂમિ ધ્વારકા જિલ્લાના બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મુ.ખંભાળીયા.**

---

**સેશન્સ કેસ નં.૯૯/૨૦૨૨**

**આંક : ૧૪૩**

**-:: <u>ફોર્મ - એ</u> ::-**

દેવભૂમિ ધ્વારકા જિલ્લાના, મુ.ખંભાળીયાની કોર્ટમાં,
મ્હે.બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબ,
**જજમેન્ટની તા.૧૩/૦૮/૨૦૨૬**
પાર્ટ-એ, ગુ.ર.નં.૧૧૧૮૫૦૦૩૨૦૦૬૮૫/૨૦૨૦
ઈ.પી.કો.કલમ-૩૭૯ તથા
માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટની
કલમ-૪(૧) અને ૪(૧)એ, ૨૧(૧) અને ૨૧(૫) તથા
ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ
રૂલ્સ-૨૦૧૭ ના રૂલ્સ ૩ અને ૨૧ મુજબ
**કલ્યાણપુર પોલીસ સ્ટેશન**

| | | |
|---|---|---|
| ફરીયાદી | :- | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે | :- | વિ.પી.પી.શ્રી એલ.આર.ચાવડા |
| આરોપીઓ | :- | **૧.યોગેશ ઉર્ફે યોગલો કરશનભાઈ ચાવડા,**<br>ઉ.વ.૨૨, ધંધો-ખેતી,<br>રહે.ભોગાત ગામ વાડી વિસ્તાર,<br>તા.કલ્યાણપુર |

| | | |
|---|---|---|
| | | **૨.દિલાભાઈ રૂઘાભાઈ ચાવડા,**<br>ઉ.વ.૩૩, ધંધો-ખેતી,<br>રહે. ભોગાત ગામ પાદર વાડી વિસ્તાર,<br>તા.કલ્યાણપુર.<br><br>**૩.મેરૂભાઈ ડોસાભાઈ ચાવડા,**<br>ઉ.વ.૩૪, ધંધો-ખેતી,<br>રહે.ભોગાત ગામ, રામ મંદિર પાસે,<br>તા.કલ્યાણપુર.<br><br>**૪.સવદાસભાઈ દેશુરભાઈ ચાવડા,**<br>ઉ.વ.૪૪, ધંધો-ખેતી,<br>રહે.ભોગાત ગામ, ધર્મશાળા પાસે,<br>તા.કલ્યાણપુર.<br><br>**૫.લાલદાસ રામદાસ દેવમુરારી,**<br>ઉ.વ.૩૪, ધંધો-ખેતી,<br>રહે.ભોગાત ગામ, આહીર સમાજની વાડી પાસે,<br>તા.કલ્યાણપુર.<br><br>**૬.કાનાભાઈ સામતભાઈ કરમુર,**<br>ઉ.વ.૨૮, ધંધો-ખેતી,<br>રહે.ભોગાત ગામ, જાઈલમાં વાડી વિસ્તાર,<br>તા.કલ્યાણપુર.<br><br>**૭.તાજમહમદ ઉર્ફે તાજલો કાસમભાઈ મલેક,**<br>ઉ.વ.૨૯, ધંધો-ડ્રાઇવીંગ,<br>રહે.ભોગાત નવાપરા, તા.કલ્યાણપુર,<br>જી.દેવભૂમિ દ્વારકા. |
| આરોપી નં.૧ થી ૫ તરફે<br>આરોપી નં.૬, ૭ તરફે | :-<br>:- | વિ.વ.શ્રી કે.પી.પરમાર<br>વિ.વ.શ્રી એમ.બી.ભોગાયતા |

## -:: <u>ફોર્મ - બી</u> ::-

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | :- | ૧૯/૦૪/૨૦૨૦ |
| એફ.આઇ.આર.ની તારીખ | :- | ૧૨/૦૬/૨૦૨૦ |

| | | |
|---|---|---|
| આખરી અહેવાલની તારીખ | :- | ૧૧/૦૮/૨૦૨૦ |
| તહોમતનામાની તારીખ | :- | ૧૦/૦૮/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | :- | ૦૫/૦૯/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | :- | ૧૧/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | :- | ૧૩/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | :- | - |

## -:: <u>આરોપીની વિગત</u> ::-

| ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કલમ | નિર્દોષ કે સજા | સજા લાદવામાં આવી | સી.આર.પી.સી. કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન જેલમાં રહયાનો સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | યોગેશ ઉર્ફે યોગલો કરશનભાઈ ચાવડા | ૨૯/૬/૨૦ | ૩૦/૬/૨૦ | ઈ.પી.કો.કલમ-૩૭૯ તથા માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટની કલમ-૪(૧) અને ૪(૧)એ, ૨૧(૧) અને ૨૧(૫) તથા ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ-૨૦૧૭ ના રૂલ્સ ૩ અને ૨૧ | નિર્દોષ | - | દિવસ-૧ |
| ૨ | દિલાભાઈ રૂઘાભાઈ ચાવડા | ૨૯/૬/૨૦ | ૩૦/૬/૨૦ | --//-- | નિર્દોષ | - | દિવસ-૧ |
| ૩ | મેરૂભાઈ ડોસાભાઈ ચાવડા | ૨૯/૬/૨૦ | ૩૦/૬/૨૦ | --//-- | નિર્દોષ | - | દિવસ-૧ |
| ૪ | સવદાસભાઈ દેશુરભાઈ ચાવડા | ૨૯/૬/૨૦ | ૩૦/૬/૨૦ | --//-- | નિર્દોષ | - | દિવસ-૧ |
| ૫ | લાલદાસ રામદાસ દેવમુરારી | ૨૯/૬/૨૦ | ૩૦/૬/૨૦ | --//-- | નિર્દોષ | - | દિવસ-૧ |
| ૬ | કાનાભાઈ સામતભાઈ કરમુર | ૧૪/૭/૨૦ | ૧૫/૭/૨૦ | --//-- | નિર્દોષ | - | દિવસ-૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | તાજમહમદ ઉર્ફે તાજલો કાસમભાઈ મલેક | ૧૪/૭/૨૦ | ૧૫/૭/૨૦ | --//-- | નિર્દોષ | - | દિવસ-૧ |

## -:: <u>ફોર્મ - સી</u> ::-

## -:: <u>ફરીયાદપક્ષ / બચાવપક્ષ / અદાલતના સાહેદોનુ લીસ્ટ</u> ::-

### <u>એ. ફરીયાદપક્ષ</u> :-

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાહેદ, પોલીસ સાહેદ, નિષ્ણાંત સાહેદ, મેડીકલ સાહેદ, પંચસાહેદ અને બીજા સાહેદો** | **આંક** |
|---|---|---|---|
| સા.નં.૧ | રણજીતભાઇ કારૂભાઇ રાઠોડ | બનાવવાળી જગ્યાના પંચસાહેદ | ૪૨ |
| સા.નં.૨ | મુરૂભાઇ નગાભાઇ કરંગીયા | બનાવવાળી જગ્યાના પંચસાહેદ | ૪૪ |
| સા.નં.૩ | દેવશીભાઇ રામાભાઇ ચાવડા | મુદ્દામાલ વાહન કબજે કર્યાના પંચસાહેદ | ૪૬ |
| સા.નં.૪ | મેહુલગીરી ભુપતગીરી ગોસાઇ | મુદ્દામાલ વાહન કબજે કર્યાના પંચસાહેદ | ૪૮ |
| સા.નં.૫ | ભવદીપભાઇ જયવંતભાઇ ડોડીયા | ફરીયાદી, રોયલ્ટી ઇન્સ્પેકટર | ૫૪ |
| સા.નં.૬ | ઝાંઝાભાઇ લખમણભાઇ ઓડેદરા | સાહેદ, પી.એસ.આઇ. | ૮૭ |
| સા.નં.૭ | હરદાસભાઇ ભીખાભાઇ ચાવડા | સાહેદ, પો.હેડ કોન્સ. | ૧૦૧ |
| સા.નં.૮ | કનુભાઇ અરશીભાઇ ચાવડા | ત.ક.અમલદાર/ચાર્જશીટ કરનાર | ૧૧૫ |
| સા.નં.૯ | લખમણભાઇ કરશનભાઇ કાગડીયા | ત.ક.અમલદાર | ૧૨૯ |

### <u>બી. બચાવપક્ષ</u> :-

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાહેદ, પોલીસ સાહેદ, નિષ્ણાંત સાહેદ, મેડીકલ સાહેદ, પંચસાહેદ અને બીજા સાહેદો** |
|---|---|---|
| -- નીલ -- | | |

**સી. અદાલતના સાહેદોનુ લીસ્ટ :-**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાહેદ, પોલીસ સાહેદ, નિષ્ણાંત સાહેદ, મેડીકલ સાહેદ, પંચસાહેદ અને બીજા સાહેદો |
|---|---|---|
| -- નીલ -- | | |

**-:: ફરીયાદપક્ષ / બચાવપક્ષ / અદાલતના દસ્તાવેજી પુરાવાઓ ::-**

**એ. ફરીયાદપક્ષ :-**

| ક્રમ | આંક | દસ્તાવેજી પુરાવાઓની વિગત |
|---|---|---|
| ૧ | ૪૩/સા.નં.૧ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૨ | ૪૭/સા.નં.૩ | મુદ્દામાલ વાહન કબજે કર્યાનુ પંચનામુ |
| ૩ | ૫૫/સા.નં.૫ | ફરીયાદ |
| ૪ | ૫૬/સા.નં.૫ | ફરીયાદ કલ્યાણપુર પો.સ્ટે.માં આપવા કરેલ હુકમની ખરી નકલ |
| ૫ | ૫૭ થી ૫૯/ સા.નં.૫ | દંડકીય રકમ ભરવા આપેલ નોટીસો |
| ૬ | ૬૦/સા.નં.૫ | દંડકીય રકમ ભરી આપવા લખેલ બાહેંધરી પત્રની ખરી નકલ |
| ૭ | ૮૮ થી ૯૦/ સા.નં.૬ | રોયલ્ટીનો દંડ વસુલ લેવા લખેલ પત્રની સ્થળપ્રતો |
| ૮ | ૯૧/સા.નં.૬ | વાહન નંબરમાં સુધારો ગણવા કરેલ રીપોર્ટની સ્થળપ્રત |
| ૯ | ૯૨/સા.નં.૬ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી |
| ૧૦ | ૧૧૬ થી ૧૨૧/ સા.નં.૮ | રજુ થયેલ જુદા-જુદા દસ્તાવેજી પુરાવાઓ |

**બી. બચાવપક્ષ :-**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાહેદ, પોલીસ સાહેદ, નિષ્ણાંત સાહેદ, મેડીકલ સાહેદ, પંચસાહેદ અને બીજા સાહેદો |
|---|---|---|
| -- નીલ -- | | |

## સી. અદાલતના સાહેદોનુ લીસ્ટ :-

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાહેદ, પોલીસ સાહેદ, નિષ્ણાંત સાહેદ, મેડીકલ સાહેદ, પંચસાહેદ અને બીજા સાહેદો |
|---|---|---|
| -- નીલ -- | | |

## ડી. મુદ્દામાલનુ વર્ણન :-

| ક્રમ | મટીરીયલ્સ નંબર | વિગત | કિંમત |
|---|---|---|---|
| ૧ | આર્ટીકલ-૧ | મુ.પા.નં.૪૦/૨૦૨૦, તા.૧૩/૦૬/૨૦૨૦ ભોગાત ગામના દરીયાકિનારેથી ટ્રેકટર લોડર જોન ડીઅર-વી/૬ પીળા કલરનુ, જેમા આર.ટી.ઓ. રજીસ્ટર નંબર લખેલ નથી તે વાહન ચાલક/માલીક પાસેથી તેમજ બીનવારસુ પંચો રૂબરૂ કબજે કરેલ છે તે | ૩,૦૦,૦૦૦/- |
| ૨ | આર્ટીકલ-૨ | મુ.પા.નં.૪૦/૨૦૨૦, તા.૧૩/૦૬/૨૦૨૦ ભોગાત ગામના દરીયાકિનારેથી ડમ્પર ટ્રક જેના રજી.નં.જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ છે તે વાહન ચાલક/માલીક પાસેથી તેમજ બીનવારસુ પંચો રૂબરૂ કબજે કરેલ છે તે | ૨,૦૦,૦૦૦/- |
| ૩ | આર્ટીકલ-૩ | મુ.પા.નં.૪૦/૨૦૨૦, તા.૧૩/૦૬/૨૦૨૦ ભોગાત ગામના દરીયાકિનારેથી ડમ્પર ટ્રક જેના રજી.નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ છે તે વાહન ચાલક/ માલીક પાસેથી તેમજ બીનવારસુ પંચો રૂબરૂ કબજે કરેલ છે તે | ૨,૦૦,૦૦૦/- |

## -:: પ્રસ્તાવના ::-

નામદાર સર્વોચ્ચ અદાલતે ***૨૦૨૩(૦) એઆઈજેઈએલ-સુપ્રિમકોર્ટ ૭૨૨૭*** માં પ્રસિધ્ધ થયેલ ***મુન્ના પાંડે વિ. બિહાર રાજ્ય***ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે, અદાલતની તટસ્થતા અને અદાલતની ન્યાય કરવા માટે જરૂરી સક્રિયતા ઉપર ભાર મુકેલ છે. ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીમાં સત્યને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવેલ છે. સત્યના આધાર પર જ ન્યાય થઈ શકે છે. અદાલતમાં કાર્યવાહી ન્યાયપુર્ણ, નિષ્પક્ષ તેમજ કાયદાની પ્રક્રિયા અનુસરીને થાય તે

પણ તેટલુ જ મહત્વનુ છે. જેમાં આરોપી (બચાવપક્ષ) અને પ્રોસીક્યુશન (ફરીયાદપક્ષ) બન્નેને પોતાનો કેસ રજુ કરવાની તક મળી રહે. ફોજદારી ન્યાય વ્યવસ્થાનો મૂળભૂત ઉદ્દેશ સત્યની શોધ કરીને પિડીતને ન્યાય આપવાનો છે. જો કે અદાલતે માત્ર કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરે તેટલુ પુરતુ નથી, પરંતુ તે પ્રક્રિયા ન્યાયસંગત અને નિષ્પક્ષ હોવી જોઈએ.

ન્યાય ત્યારે જ થયો કહેવાય, જ્યારે કોઈ નિર્દોષ વ્યક્તિને સજા ન થાય અને ગુનેગાર વ્યકિત સજા વિના છુટી ન જાય, તેથી ફોજદારી ન્યાય પ્રણાલીનો મુખ્ય ઉદ્દેશ/હેતુ, સત્યને શોધી યોગ્ય નિર્ણય કરવાનો છે.

## -:: ચૂકાદો ::-

**ફરીયાદપક્ષના કેસની હકીક્ત** :-

**૧.** ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ગઇ તા.૨૯/૦૪/૨૦૨૦ ના કલાક : ૦૨/૦૦ વાગ્યે આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ વાળાએ પોતાની માલીકીના લોડર નં.જી.જે.૧૨.બીજી.૦૪૮૪ થી, આરોપી નં.૨ ના લોડરના ડ્રાઈવરે, આરોપી નં.૪ તથા ૫ ના માલીકીના ડમ્પર ટ્રક નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ ના ડ્રાઈવર આરોપી નં.૩ તથા આરોપી નં.૭ વાળાની માલીકીની ટ્રક ડમ્પર નં.જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ ના ડ્રાઈવર, આરોપી નં.૬ વાળાઓએ ભોગાત ગામ, ભોગાત બંદરકાંઠે દરીયાના કીનારેથી બિનઅધિકૃત રીતે રોયલ્ટી વગર દરીયાઈ રેતીનુ ખનન વહન કરી કુલ કીમત રૂપીયા ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરાની) ચોરી કરી ગુનો કરેલ. તે અંગેની ફરીયાદ કલ્યાણપુર પો.સ્ટે.માં આપતા, કલ્યાણપુર ગુ.ર.નં. ૧૧૧૮૫૦૦૩૨૦૦૬૮૫/૨૦૨૦, ઈ.પી.કો. કલમ-૩૭૯ તથા માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટની કલમ-૪(૧) અને ૪(૧)એ, ૨૧(૧) અને ૨૧(૫) તથા ઈલીગલ માઈનીંગ

ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ-૨૦૧૭ ના રૂલ્સ-૩ અને ૨૧ મુજબના ગુના સબબ ફરીયાદ આપતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરી, આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ટ્રાયલ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ અને જેનો **ફોજદારી કેસ નં.૭૦૭/૨૦૨૦** પડેલ.

**૧.૧.** સદરહું કામમાં ઇન્ડીયન પીનલ કોડને હવે પછી સરળતા ખાતર **''ઇ.પી.કો.''** અને માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ-૧૯૫૭ ને **''એમ.એમ.આર.ડી.''** એકટ તરીકે સંબોધવામાં આવશે.

**૨.** ગવર્મેન્ટ ઓફ ગુજરાત લીગલ ડીપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગરના નોટીફીકેશન નં.જીકે/૧૭/૨૦૨૨/એસપીસી/૧૦૨૦૨૧/યુઓઆર-૦૭ /ડી વંચાણે લેતા, ડીસ્ટ્રીકટ હેડ કવાર્ટરમાં સીનીયર મોસ્ટ એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ નાઓને સ્પેશ્યલ કોર્ટ, એમ.એમ.આર.ડી. હેઠળ સ્થાપેલ છે. સદરહુ નોટીફીકેશનના આધારે મ્હે. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, ખંભાળીયાનાઓના **ઓ.ઓ. નં.૧૩૫/૨૦૨૨, તા.૨૨/૦૯/૨૦૨૨** ના રોજ સેકન્ડ એડીશ્નલ સેશન્સ કોર્ટ, એમ.એમ.આર.ડી.ના કેસો માટે સ્પેશ્યલ કોર્ટ તરીકે નોટીફાઈ કરેલ હોય, આ કેસ વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ચલાવવા પાત્ર ન હોય તેથી આ કેસ સેશન્સ કમીટ કરવામાં આવેલ અને અત્રેની જિલ્લા અદાલત, દેવભૂમિ ધ્વારકા, મુ.ખંભાળીયા ખાતે મોકલી આપતા સદર કેસનો **સેશન્સ કેસ નં.૯૯/૨૦૨૨** પડેલ અને ત્યારબાદ સદરહું કેસ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની અદાલતમાં તબદીલ થયેલ છે.

**<u>પ્લી ચાર્જની કાર્યવાહી</u>** :-

**૩.** સદર કેસ રજીસ્ટરે લીધા બાદ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે આરોપીઓને સમન્સ કરવામાં આવેલ અને આરોપીઓને સમન્સની બજવણી થતા,

હાજર થયેલ. આરોપીઓને ચાર્જશીટ તથા તપાસ સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓની નકલ પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી શરૂ કરતા અગાઉ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતા, મારા પુરોગામી વિધ્વાન જજશ્રીએ **આંક : ૨૯ થી તહોમતનામુ** ફરમાવેલ અને **આંક : ૩૦ થી ૩૬ સુધીની આરોપીઓની પ્લી (લેખિત જવાબ)** રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ હોય, સદર કામ ફરીયાદપક્ષના પુરાવા માટે મુકવામાં આવેલ.

**૪.** ઉપર મુજબના ફરીયાદપક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ, ફરીયાદપક્ષ વધુ કોઈ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા માંગતા નથી તે મતલબેની **કલોઝીંગ પુરશીશ આંક : ૧૩૦ થી તા.૧૦/૦૨/૨૦૨૬** ના રોજ રજુ કરી, ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુર્ણ થયેલ હોવાની જાહેરાત કરેલ છે.

**આરોપીઓનું વિશેષ નિવેદન** :-

**૫.** ફરીયાદપક્ષે પુરાવો નોંધ્યા બાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નીવેદન લેવામાં આવેલ છે. ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ આરોપીઓ વિરૂધ્ધના પુરાવા બાબતે આરોપીઓને વાંચી સંભળાવી આરોપીઓએ તે તમામ પુરાવાઓ ખોટા હોવાનુ, ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ હોવાનુ તથા ત.ક.અમલદારશ્રીએ તેના વિરુધ્ધમાં પુરાવો નહી હોવા છતાં ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવી, પોતે નિર્દોષ અને કોઈ જ ગુનો કરેલ ન હોય, નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ/વિનંતી કરેલ છે.

**૬.** આ કામે પુરાવો પુરો થયા પછી, પી.પી.શ્રી એલ.આર.ચાવડાનાઓ ની તથા આરોપીઓ પક્ષના વિ.વ.શ્રી કે.પી.પરમાર તથા એમ.બી.ભોગાયતાનાઓની

મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**૭.** આ કામે સરકાર તરફે વિ.પી.પી.શ્રી એલ.આર.ચાવડાનાઓએ લંબાણપૂર્વકની દલીલ કરેલ છે, જે મુજબ ટુંકમાં મહત્વની દલીલ એવી છે કે, તા.૨૯/૦૪/૨૦૨૦ ના કલાક : ૦૨/૦૦ વાગ્યે આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ વાળાએ પોતાની માલીકીના લોડર નં.જી.જે.૧૨.બીજી.૦૪૮૪ થી, આરોપી નં.૨ ના લોડરના ડ્રાઈવરે, આરોપી નં.૪ તથા ૫ ના માલીકીના ડમ્પર ટ્રક નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ ના ડ્રાઈવર આરોપી નં.૩ તથા આરોપી નં.૭ વાળાની માલીકીની ટ્રક ડમ્પર નં.જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ ના ડ્રાઈવર, આરોપી નં.૬ વાળાઓએ ભોગાત ગામ, ભોગાત બંદરકાંઠે દરીયાના કીનારેથી બિનઅધિકૃત રીતે રોયલ્ટી વગર દરીયાઈ રેતીનુ ખનન વહન કરી કુલ કીમત રૂપીયા ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરાની) ચોરી કરી ગુનો કરેલ. તે અંગેની ફરીયાદ કલ્યાણપુર પો.સ્ટે.માં આપતા, કલ્યાણપુર ગુ.ર.નં. ૧૧૧૮૫૦૦૩૨૦૦૬૮૫/૨૦૨૦, ઈ.પી.કો. કલમ-૩૭૯ તથા માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટની કલમ-૪(૧) અને ૪(૧)એ, ૨૧(૧) અને ૨૧(૫) તથા ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ-૨૦૧૭ ના રૂલ્સ-૩ અને ૨૧ મુજબનો ગુનો કરેલ છે. સદર હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે ફરીયાદી, સાહેદો, પંચસાહેદો, ફરીયાદ લેનાર તથા ત.ક.અમલદારશ્રીને તપાસવામાં આવેલ છે. ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવવા દલીલ કરેલ છે.

**૭.૧.** ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ, વિ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પંચસાહેદો ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નથી તથા પંચનામાને સમર્થન કરતા નથી. ફરીયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક : ૫૪ થી ફરીયાદી ભવદીપભાઇ જયવંતભાઇ ડોડીયાનો પુરાવો નોંધાયેલ છે તેઓએ તેમની સોગંદ

ઉપરની જુબાનીમાં તા.૨૯/૦૪/૨૦૨૦ ના પી.એસ.આઈ.શ્રી કલ્યાણપુર તથા તેઓની ટીમ કલ્યાણપુર તાલુકાના ભોગાત બંદરવાળા વિસ્તારમાં તપાસમાં હોય, તે દરમ્યાન નંબર વગરનુ એક લોડર (જોન ડીયર કોલરશીફટ વી-૬) વડે દરીયાઈ રેતીનુ ગેરકાયદેસર ખનન કરી બે ડંમ્પરો એક જી.જે.૧૩.ડબલ્યુ. ૦૭૭૧ તથા બીજુ ડંમ્પર નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ ધ્વારા ભરવામાં આવતુ હતુ. તપાસ ટીમ સ્થળ ઉપર પહોચેલ તે પહેલા જ બંને ડંમ્પર ચાલકો ડંમ્પર લઈ ભાગી ગયેલ તેમજ લોડર ચાલક લોડર મુકી સ્થળ પરથી નાસી ગયેલ. તપાસ દરમ્યાન ડંમ્પર ચાલકના સદર લોડરના માલીક વીષે પુછતા જણાવેલ કે, સદર લોડરના માલીક યોગેશ કરશનભાઈ ચાવડા છે જે બાબતે પી.એસ.આઈ. શ્રી ધ્વારા આગળની કાર્યવાહી અર્થે ભુસ્તરશાસ્ત્રીશ્રી ની કચેરી દેવભુમિ દ્વારકા ને તા.૦૧/૦૫/૨૦૨૦ થી પત્ર પાઠવેલ જે લોડરના માલીકશ્રી યોગેશ કરશનભાઈ ચાવડાને તા.૦૮/૦૫/૨૦૨૦ થી લોડરની કંમ્પાઉન્ડીગ ફી રૂપીયા બે લાખ ભરપાઈ કરવા નોટીસ પાઠવેલ. પરંતુ લોડરના માલીક ધ્વારા દંડકીય રકમ ભરપાઈ કરેલ નથી તેમજ વાહન ડંમ્પર નંબર ૦૭૭૧ ના તપાસ દરમ્યાન ડંમ્પર ચાલક કાનાભાઈ સામતભાઈ કરમુર વાહનમા ભરેલ આશરે દસ મેટ્રીક ટન દરીયાઈ રેતી ખનીજ ખાલી કરી નાસી ગયેલ હોય અને વાહન માલીકશ્રી તાજમામદભાઈ કાસમભાઈ મલેકને તેઓએ કરેલ આશરે દસ મેટ્રીક ટન દરીયાઈ રેતી ખનીજના બીન અધીકૃત વહન માટે રૂપીયા એક લાખ નવસો ચોર્યાસી પુરાની કારણ સદર્શક નોટીસ પાઠવેલ, પરંતુ તેઓ ધ્વારા દંડકીય રકમ ભરપાઈ કરેલ નથી. સદર ડંમ્પરના માલીક શ્રી સવદાસ દેશુરભાઈ ચાવડા છે જેઓનુ તેઓ ધ્વારા કરવામા આવેલ આશરે ૧૦ મેટ્રીક ટન દરીયાઈ રેતી ખનીજના બીન અધીકૃત વહન બદલ રૂપીયા એક લાખ નવસો ચોર્યાસીનુ કારણદર્શક નોટીસ પાઠવેલ. પરંતુ તેઓ ધ્વારા પણ દંડકીય રકમ ભરપાઈ કરેલ નથી. લોડર તેમજ બંને ડંમ્પરોના ડ્રાઈવરો તેમજ માલીકો સામે અમો ધ્વારા કલ્યાણપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવેલ. ભુસ્તરશાસ્ત્રી, દેવભુમિ દ્વારકા ખાણ ખનીજ ખાતાના હુકમ અન્વયે મે આરોપીઓ સામે ફરીયાદ દાખલ કરેલ હોવાનો પુરાવો આપેલ છે.

**૭.૨.** ફરીયાદપક્ષે વિ.પી.પી.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, સાહેદ નં.૬ તરીકે આંક : ૮૭ થી ઝાંઝાભાઈ લખમણભાઈ ઓડેદરાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તા.૨૯/૦૪/૨૦૨૦ ના રોજ અમો પો.સ્ટે. વીસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ભોગાત બંદર બાજુ પેટ્રોલીંગ દરમ્યાન અમો પોલીસને જોઈ એક ડંમ્પર દરીયાઈ રેતી ખાલી કરી ભાગેલ હોય જેનો પીછો કરી પકડતા જેના ડ્રાઈવરનુ નામ પંચો રૂબરૂ પુછતા મેરૂભાઈ ડોસાભાઈ નાઓ હોય અને સદરહુ દરીયાઈ રેતી રોયલ્ટી વગરની ભરેલ હોય અને જે રેતી ડંમ્પરમા ભરેલ હતી તે લોડર મારફતે ભરેલી હોય જે બાબતે ડ્રાઈવર મેરુભાઈનુ નીવેદન લેતા સદરહુ લોડર યોગેશભાઈના માલીકનુ હોય તે નીવેદન લીધેલ અને ખનીજ બાબતે ભુસ્તરશાસ્ત્રીને રીપોર્ટ કરેલ. ટ્રક/ડંમ્પર નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ નંબરનુ હતુ. આ ડંમ્પરમા લોડર ધ્વારા રેતી ભરવામાં આવેલ જેના માલીક યોગેશભાઈ ચાવડા હતા તે મુજબનો પુરાવો આપેલ છે.

**૭.3.** ફરીયાદપક્ષે વિ.પી.પી.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, સાહેદ નં.૭ તરીકે આંક : ૧૦૧ થી હરદાસભાઈ ભીખાભાઈ ચાવડાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ભોગાત બંદર જતા ત્યાં દરીયા કાંઠે બે ટ્રકમાં લોડર વડે દરીયાઈ રેતી ભરાતી હોય જેથી અમો ત્યાં જતા ટ્રક નં.જીજે.૧૩.ડબલ્યુ.૭૭૧ તથા બીજો ટ્રક જી.જે.૧૮.યુ.૬૨૯૪ તથા એક જોન ડીયર કંપનીનુ લોડર ત્યાં હતા જેમાંથી ટ્રક નં બર જીજે. ૧૩.ડબલ્યુ ૭૭૧ ના ડ્રાઈવર હાજર ન હતા તેમજ ટંક નં.૧૮ યુ.૬૨૯૪ ના મેરૂભાઈ ડોસાભાઈ હાજર મળેલ અને તેઓની પુછપરછ કરતા ઉપરોકત જીજે.૧૩ ડબલ્યુ ૭૭૧ ના ટ્રક ચાલક કાનાભાઈ કરમુર તથા લોડર યોગેશભાઈ ચાવડાનુ હોવાનુ જણાવેલ અને હાજર મળી આવેલ ઈસમ પાસે રોયલ્ટી કે પાસ પરમીટ ન હોય જેથી આ વાહનો કલ્યાણપુર પો.સ્ટે. લઈ આવી ત્રણેય વાહન ચાલકો વિરૂધ્ધ ખાણ ખનીજ અધિકારીશ્રીના ખાતાકીય રાહે રોયલ્ટી દંડ વસુલવા માટે રીપોર્ટ પી.એસ.આઈ. શ્રી

ઝેડ. એલ. ઓડેદરા સહેબે કરેલ હતો. બાદ આ લોકોએ દંડ ભરેલ ન હોય જેથી ખાણ ખનીજ અધિકારી ભવદીપભાઈ ડોડીયાએ કલ્યાણપુર પો.સ્ટે.માં આ વાહન ચાલકો તથા તપાસમા ખુલે તેના વિરૂધ્ધ ફરીયાદ આપેલ હતી તે મુજબનો પુરાવો આપેલ છે.

**૭.૪.** ફરીયાદપક્ષે વિ.પી.પી.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, ચાર્જશીટ કરનાર તથા તપાસ કરનાર અમલદારશ્રી કનુભાઇ અરશીભાઇ ચાવડાનાઓને સાહેદ નં.૮ તરીકે આંક : ૧૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં કલ્યાણપુર પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૬૮૫/૨૦૨૦ ની આગળની તપાસ અમોને કલ્યાણપુર પો.સ્ટે.ના હેડ કોન્સ્ટેબલ લખમણભાઈ કે કાગડીયાનોઓ તરફથી મળતા અમોએ કાગળો સંભાળી આગળની તપાસ સંભાળેલ. તા.૨૯/૦૪/૨૦૨૦ ના રોજ કલ્યાણપુર પોલીસ સ્ટેશનના પો.સ.ઈ શ્રી ઝેડ.એલ. ઓડેદરા તથા પોલીસ સ્ટાફ રાત્રીના કલાક ૦૨:૦૦ વાગ્યે રેઈડ કરતા ભોગાત બંદર વિસ્તારમાં રેઈડ કરતા ડમ્પર બે તથા લોડર દરીયાઈ રેતી ભરતા મળી આવતા રેઈડ કરતા ડમ્પર ચાલક પોતાના ડમ્પરોમાં ભરેલી દરીયાઈ રેતી ખાલી કરી ડમ્પરો સ્થળ ઉપર છોડી જતા રહેલ હોય જેનો પીછો કરી પકડતા જેના ડ્રાઈવરનુ નામ પંચો રૂબરૂ પુછતા મેરૂભાઈ ડોસાભાઈ નાઓ હોય અને સદરહુ દરીયાઈ રેતી રોયલ્ટી વગરની ભરેલ હોય અને જે રેતી ડંમ્પરમા ભરેલ હતી તે લોડર મારફતે ભરેલી હોય જે બાબતે ડ્રાઈવર મેરુભાઈનુ નીવેદન લેતા સદરહુ લોડર યોગેશભાઈના માલીકનુ હોય તે નીવેદન લીધેલ અને ખનીજ બાબતે ભુસ્તરશાસ્ત્રીને રીપોર્ટ કરેલ અને ભુસ્તરશાત્રીનાઓએ ડમ્પર ટ્રક જી.જે.૧૩ ડબલ્યુ-૦૭૭૧ ના માલિક તાજમોહમદ તથા ટ્રક નંબર જી.જે.૧૮ યુ-૬૨૯૪ ના માલિક સવદાસભાઈ દેસુરભાઈ ચાવડા તથા લોડરના માલિક યોગેશ કરશન ચાવડા નિયમ મુજબ નોટીસો કાઢી દંડ ભરવા જણાવેલ અને માલિકો ધ્વારા દંડ ન ભરતા ફરીયાદ ભવદીપભાઈ જયવંતભાઈ ડોડીયાએ રજીસ્ટર કરાવેલ તેમજ તેઓએ ગુનાવાળી જગ્યાનું

પંચનામુ કરેલ હોય, વાહનના માલિકોએ તપાસ અર્થે કબજે કરેલ ઉપરોકત નંબરવાળા વાહનો છોડવવા નામદાર કોર્ટમાં અરજીઓ કરતા અમોએ અભિપ્રાય નામદાર કોર્ટમાં આપેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરાવાઓ મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે.

**૭.૫.** ફરીયાદપક્ષે વિ.પી.પી.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, તપાસ કરનાર અમલદારશ્રી લખમણભાઇ કરશનભાઇ કાગડીયાનાઓને સાહેદ નં.૯ તરીકે આંક : ૧૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ગુનો પી.એસ.ઓ. કે.એ.ચાવડાએ દાખલ કરી આગળની તપાસ અમોને સોંપતા અમોએ આ કામે કલ્યાણપુર પોલીસ સ્ટેશન ખાતે રખાવેલ વાહનો બે ટ્રક જેમા એકના રજી.નં.જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ તથા બીજા ટ્રકના રજીસ્ટર નં.જી.જે.૧૩.યુ.૬૨૯૨ લગભગ હતા તથા એક લોડર હતુ, જે નંબર પ્લેટ વગરનુ હતુ જે વાહનોનુ પંચોની હાજરીમાં પંચનામું કરેલ તથા બાદ સ્થાનીક જગ્યા ભોગાત ગામના દરીયાકાંઠા વિસ્તારેમા આવેલ હોય તેનુ પંચનામુ કરેલ અને લાગતા વળગતા પોલીસ કર્મચારી સાહેદોના નીવેદનો નોધેલ તથા અમારી બદલી અન્ય બીટમાં થઈ જતા અમોએ આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ કે.એ.ચાવડાને સોંપી આપેલ હોવાનો પુરાવો આપેલ છે. આમ, ઉપરોકત તમામ સાહેદોની જુબાની ઉપરથી આરોપી સામેનો ગુનો પુરવાર થતો હોય, દરીયાઈ રેતી એવી ખનીજ ચોરીના ગુનાનો આક્ષેપ, ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ હાલના કામે તપાસ કરનાર અમલદારશ્રી, ફરીયાદપક્ષે ફરીયાદી, પંચસાહેદો, સાહેદો તથા રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓથી ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી વધુમાં વધુ સજા કરવા દલીલ કરેલ છે.

**૮.** આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી કે.પી.પરમારનાઓએ લંબાણપૂર્વકની મૌખિક દલીલ કરેલ છે, જે મુજબ ટુંક્માં મહત્વની દલીલ એવી છે

કે, હાલના ગુનાના કામે ધી માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટની જોગવાઈ મુજબનો ગુનો છે. આ એકટની કલમ-૨૨ વંચાણે લઈ વિ.વ.શ્રી એ દલીલ કરેલ છે કે, આ કાયદા હેઠળ બનતા તમામ ગુના અંગે રાજય સરકાર ધ્વારા અધિકૃત કરાયેલ અધિકારી ધ્વારા લેખિતમાં ફરીયાદ આપવી જોઈએ અને આવી ફરીયાદ કોર્ટમાં આપવી જોઈએ. પરંતુ, **રોયલ્ટી ઇન્સ્પેકટર ભવદીપભાઇ જયવંતભાઇ ડોડીયાનાઓએ પોતાની લેખિત ફરીયાદ કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં** આપેલ છે અને તેના આધારે પોલીસે તપાસ કરેલ છે. તે સંજોગોમાં, તે ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય નહી તેવી દલીલ કરેલ છે.

**૮.૧.** આરોપી તરફે વિ.વ.શ્રીએ ફરીયાદ તથા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ પોતાની દલીલમાં જણાવેલ છે કે, હાલના ગુનાના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ ફરીયાદને સમર્થનમાં માત્ર પોતાની સાથે રહેલા સાથી કર્મચારીઓના નીવેદનો લઈ તપાસ પુરી કરેલ છે, કોઇ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી. વધુમાં તપાસ કરનાર અમલદારશ્રીની આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તપાસ મળ્યા બાદ બનાવવાળા સ્થળ પર હુ રૂબરૂ ગયેલ નહી. મે તપાસ દરમિયાન તપાસ સંદર્ભે ખાણખનીજ વિભાગ કે મહેસુલ વિભાગ કે ડી.આઈ.એલ.આર ઓફિસ સાથે કોઈ પત્રવ્યવહાર કરેલ નહી. મે રેવન્યુ રેકર્ડ જોયેલ નહી કે તપાસેલ નહી. મે મારી તપાસ દરમિયાન કોઈ નિવેદન નોંધેલ નથી. મે મારી તપાસ દરમિયાન મુદ્દામાલનું વજન કરી કાંટા ચીઠી મેળવેલ હોય તેવુ બનેલ નથી. આરોપીના અટક કર્યા અંગેના પંચનામા કરેલા નથી. મારી તપાસ દરમિયાન દરીયાઈ રેતી મળી આવેલ હોય તેવુ બનેલ નથી. વાહન બાબતે આર.ટી.ઓ કચેરી સાથે કોઈ પત્રવ્યહાર કરેલ નથી. અમારી તપાસ દરમિયાન આરોપીઓને નોટીસ આપેલ હોય તેવુ બનેલ નથી. મે મારી તપાસ દરમિયાન વજન તથા ગુણવતા નકકી કરવા મે કોઈ કાર્યવાહી કરેલ નથી. ફરીયાદ મોડી આપવા બાબતે ફરીયાદીનું કોઈ વિશેષ નિવેદન નોંધેલ નથી.

ફરીયાદ દોઢ મહિના જેટલો સમય લેટ હતી તે અંગે મે તપાસ કરેલ નહી. રેડ કરવામા આવી તે વખતે હુ રેડમાં સામેલ ન હતો. મે આંક-૪૭ વાળું મુદ્દામાલ કબ્જ કર્યાના પંચનામા કરતા અગાઉ બનાવવાળી જગ્યાનુ રેવન્યુ રેકર્ડ ચકાસેલ નહી. મે મારી તપાસ દરમ્યાન મુદ્દામાલ ટ્રક અને ટ્રેકટર લોડર જોન ડીઅરના માલીક કોણ છે તે અંગે આર.ટી.ઓ.માં પત્ર વ્યવહાર કરી ખરાઈ કરેલ નહી. મે દરીયાઈ રેતીની ગુણવતા નકકી કરવા માટે ખાણ ખનીજ વિભાગ સાથે કોઈ પત્રવ્યવહાર કરેલ નહી. આંક-૪૭ વાળા મુદામાલ કબ્જે કર્યાના પંચનામામાં કબ્જે કરવામાં આવેલ ટ્રકોમાં દરીયાઈ રેતી ન હતી. મે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કર્યુ તે વખતે રેવન્યુ રેકર્ડથી ખરાઈ કરેલ નહી. મુદામાલ દરીયાઈ રેતી ટ્રકમાં ભરતા કોઈ સ્વંતત્ર સાહેદના નીવેદન મે લીધેલ નથી, સાહેદ જણાવે છે કે પોલીસ સાહેદ જે રેડ સમયે હાજર હતા, તેઓના નીવેદન લીધેલા. મે મારી તપાસ દરમ્યાન ડી.આઈ.એલ.આર. મારફતે બનાવવાળી જગ્યાની માપણી કરાવેલ નથી. મે મારી તપાસ દરમ્યાન ત.ક.મંત્રી તથા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓના નીવેદન નોંધેલ નથી. તેથી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

**૮.૨.** આરોપી તરફે વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, આ કામે સાહેદ નં.પ તરીકે આંક : ૫૪ થી રોયલ્ટી ઇન્સ્પેકટર ફરીયાદી ભવદીપભાઇ જયવંતભાઇ ડોડીયાનાઓનો પુરાવો નોંધાયેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ ખનન થતુ હોય તેવુ મારા ધ્યાન ઉપર આવેલ નહી. મે તા.૨૯/૪/૨૦૨૦ ના રોજ થી ફરીયાદ આપી ત્યાં સુધી મે સ્થળ ઉપર જઈ કોઈ તપાસ કરેલી નહી. પી.એસ.આઈ.ના રીપોર્ટના આધારે મારા ઉપલા અધીકારીએ મને જણાવતા મે લેખીત ફરીયાદ આપેલી. ફરીયાદમાં ફરીયાદ મોડી કરવાનુ કોઈ કારણ, ખુલાસો જણાવેલ નથી, સાહેદ જણાવે છે કે, નોટીસ આપવામા આવેલી અને દંડકીય રકમ જમા કરાવવા માટે સમય આપવામાં આવેલો જેથી મોડુ થયેલુ. મે કોઈ આરોપીને નોટીસ આપેલ નથી.

ફરીયાદ આપતા પહેલા મે આર.ટી.ઓ. કચેરીમાં મુદ્દામાલ વાહન બાબતે કોઈ તપાસ કરેલી નહી. મને ઓથોરાઈઝડ કરતો લેટર આંક-૫૬ વાળો બતાવવામાં આવે છે તે તા.૦૩/૦૬/૨૦૨૦ રોજનો છે અને ફરીયાદ તા.૧૨/૦૬/૨૦૨૦ ના રોજ આપેલ છે, આ દરમ્યાનના વિલંબ બાબતે મે ફરીયાદમા હકીકત જણાવેલ નથી. મે ફરીયાદ આપ્યા સીવાય બીજી કઈ કામગીરી કરેલ નથી. પોલીસ અધીકારીએ મારુ કોઈ નીવેદન નોંધેલ નથી. મે મારી ફરીયાદમાં કયા સર્વે નંબરમા ખનન કરવામા આવેલ તે જણાવેલ નથી. મે ફરીયાદ કરતા પહેલા કોઈ રેવન્યુ રેકર્ડ મેળવેલ નહી કે તપાસ કરેલ નહી. તેથી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

**૮.૩.** આરોપી તરફે વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, સ્થળ ઉપર કોઈ વ્યકિત હાજર મળી આવેલ નથી કે જેણે રેડીંગ પાર્ટી, પોલીસ કર્મચારી તથા ખાણ ખનિજના અધિકારીની હાજરીમાં ગેરકાયદેસર દરીયાઈ રેતીનુ ખનન થતા જોયેલ હોય. રેઈડ દરમ્યાન આરોપીઓને સ્થળ ઉપર દરીયાઈ રેતીની ચોરી કરતા કોઈ સ્વતંત્ર સાહેદોએ જોયેલ નથી. બનાવવાળી જગ્યાના પંચસાહેદો હોસ્ટાઇલ છે તેથી બનાવવાળી જગ્યાનુ પંચનામુ સાબિત થતુ નથી. વાહન માલીકોને નોટીસ આપેલ છે પરંતુ, તે નોટીસની બજવણી થયેલ હોય તેવો કોઇ આધાર પુરાવો આ કામે રજુ થયેલ નથી. મુદ્દામાલ વાહનોમાં દરીયાઇ રેતી ભરી વહન કરતા હોય, તેવુ ફરીયાદપક્ષે પુરવાર કરેલ નથી. સ્થળ ઉપરથી મુદ્દામાલ ડમ્પરો અને લોડર કબજે કરવામાં આવેલ હોય તો, સીઝરમેમો હાલના ગુનાના કામે ફરીયાદપક્ષે રજુ કરેલ નથી અને તે અંગેનુ કોઈ પંચરોજકામ કે સ્થળ રોજકામ કરવામાં આવેલ નથી. આ કામે ફરીયાદીએ કોર્ટમાં કોઈ ફરીયાદ કરેલ નથી. સ્થળ ઉપરથી મુદ્દામાલ ડમ્પરો તથા લોડર કબજે કરવામાં આવેલ છે જેના પંચો તથા બનાવવાળી જગ્યાના પંચો હોસ્ટાઈલ છે. આથી, મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ આંક : ૪૭ તથા બનાવવાળી જગ્યાનુ પંચનામુ આંક : ૪૩ વાળુ સાબિત થતુ નથી. તેથી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

**૮.૪.** આરોપી તરફે વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, આ ગુનાના કામે બનાવવાળી જગ્યાનુ તથા મુદ્દામાલ કબજે કર્યા બાબતે પંચનામાઓ કરવામાં આવેલ છે તે તમામ પંચસાહેદો બનાવવાળી જગ્યા બાબતે તથા મુદ્દામાલ કબજે કર્યા બાબતે કશુ જાણતા નહી હોવાનો પુરાવો આપે છે. મુદ્દામાલ વાહન ડમ્પરો તથા લોડર કબજે કરવામાં આવેલ છે તે કોઈની હાજરીમાં કબજે કરવામાં આવેલ હોય, તેવો ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓ ઉપરથી જણાય આવતુ નથી. મુદ્દામાલ વાહન ડમ્પરો તથા લોડર સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ હોય, તે અંગેનો સીઝરમેમો ખાણ ખનિજ વિભાગના અધિકારીઓએ સ્થળ ઉપર વાહન ચાલકો કે માલીકોની હાજરીમાં તૈયાર કરેલ હોય, તેવો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે સીઝરમેમો સ્થળ ઉપરથી તૈયાર કરવામાં આવેલ તેવો કોઈ મૌખિક પુરાવો આપવામાં આવેલ નથી. ફરીયાદમાં ગુનાના કામે સંડોવાયેલ વાહન ડમ્પર નં.જી.જે. ૧૮.યુ.૬૨૯૪ જણાવેલ છે. જયારે સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ડમ્પર નં.જી.જે.૧૮.યુ.૯૪૬૨ અંગે ભુસ્તરશાસ્ત્રીશ્રીએ રોયલ્ટી ઇન્સ્સપેકટરશ્રીને ફરીયાદ અંગે આંક : ૫૬ ના પત્રથી જણાવેલ છે અને જે નોટીસ આપવામાં આવેલ છે તે નોટીસ મુદ્દામાલ વાહન ડમ્પર નં.જી.જે.૧૮.યુ.૯૪૬૨ અંગે આપવામાં આવેલ છે. દરીયાઈ રેતી હોવા અંગે વે-બ્રીજની કોઈ કાંટા ચીઠ્ઠી/વજન ચીઠ્ઠી રજુ કરેલ નથી. આમ, ગુનાવાળી જગ્યા તથા મુદ્દામાલ કબજે કર્યા બાબતેનુ પંચનામુ ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. તેથી, મુદ્દામાલ વાહન ડમ્પરો તથા લોડર કબજે કરેલ હોવાનુ શંકા ઉપજે તેમ છે. જેથી, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

**<u>મુદ્દા અને જવાબ</u>** :-

**૯.** આ કામે ઉપરોકત હકીકતોએ મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૯/૦૪/૨૦૨૦ ના કલાક : ૦૨/૦૦ વાગ્યે આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ વાળાએ પોતાની માલીકીના લોડર નં.જી.જે.૧૨.બીજી.૦૪૮૪ થી, આરોપી નં.૨ ના લોડરના ડ્રાઈવરે, આરોપી નં.૪ તથા ૫ ના માલીકીના ડમ્પર ટ્રક નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ ના ડ્રાઈવર આરોપી નં.૩ તથા આરોપી નં.૭ વાળાની માલીકીની ટ્રક ડમ્પર નં.જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ ના ડ્રાઈવર, આરોપી નં.૬ વાળાઓએ ભોગાત ગામ, ભોગાત બંદરકાંઠે દરીયાના કીનારેથી બિનઅધિકૃત રીતે રોયલ્ટી વગર દરીયાઈ રેતીનુ ખનન વહન કરી કુલ કીમત રૂપીયા ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરાની) ચોરી કરી માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટની કલમ-૪(૧) અને ૪(૧)એ, ૨૧(૧) અને ૨૧(૫) તથા ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ-૨૦૧૭ ના રૂલ્સ-૩ અને ૨૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ વાળાએ પોતાની માલીકીના લોડર નં.જી.જે.૧૨.બીજી.૦૪૮૪ થી, આરોપી નં.૨ ના લોડરના ડ્રાઈવરે, આરોપી નં.૪ તથા ૫ ના માલીકીના ડમ્પર ટ્રક નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ ના ડ્રાઈવર આરોપી નં.૩ તથા આરોપી નં.૭ વાળાની માલીકીની ટ્રક ડમ્પર નં.જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ ના ડ્રાઈવર, આરોપી નં.૬ વાળાઓએ ભોગાત ગામ, ભોગાત બંદરકાંઠે દરીયાના

કીનારેથી બિનઅધિકૃત રીતે રોયલ્ટી વગર દરીયાઈ રેતીનુ ખનન વહન કરી કુલ કીમત રૂપીયા ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરાની) ચોરી કરી ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**૩.** શું આખરી હુકમ ?

**૧૦.** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

**૧.** **નકારમાં**

**૨.** **નકારમાં**

**૩.** આખરી હુકમ મુજબ

**-:: <u>નિર્ણયના કારણો</u> ::-**

**-:: <u>મુદ્દા નં.૧ અને ૨</u> ::-**

**<u>પંચસાહેદોનો પુરાવો</u> :-**

**૧૧.** આ કામે કારણોની ચર્ચા કરીએ તે પહેલા રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોઈએ તો, આ કામે સૌપ્રથમ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચોને આંક : ૪૨ અને ૪૪ થી, મુદ્દામાલ વાહન કબજે કર્યાના પંચનામાના પંચોને આંક : ૪૬ અને ૪૮ થી તપાસેલ છે, આ પંચસાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં તેઓએ પોલીસના કહેવાથી એક તૈયાર લખેલા પંચનામામાં સહી કરી આપી હતી તે સિવાય બીજો કોઈ સમર્થનકારી પુરાવો આપેલ નથી તેથી વિ.પી.પી.શ્રી ધ્વારા તેમને ફરી ગયેલ પંચસાહેદો જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં આંક : ૪૩ થી રજુ

બનાવવાળી જગ્યાના પંચનામા અને ૪૭ થી રજુ મુદ્દામાલ વાહન કબજે કર્યાના પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન કરેલુ નથી.

**<u>ફરીયાદીનો પુરાવો</u> :-**

**૧૨.** ફરીયાદપક્ષે **સાહેદ નં.૫ તરીકે આંક : ૫૪ થી રોયલ્ટી ઇન્સ્પેકટર ફરીયાદી ભવદીપભાઇ જયવંતભાઇ ડોડીયા**નાઓનો પુરાવો નોંધાયેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, હુ સને ૨૦૨૦ માં ખાણ ખનીજ ખાતુ દેવભુમી ધ્વારકા કચેરીમાં રોયલ્ટી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ગઈ **તા.૨૯/૦૪/૨૦૨૦ ના પી.એસ.આઈ.શ્રી કલ્યાણપુર તથા તેઓની ટીમ કલ્યાણપુર તાલુકાના ભોગાત બંદરવાળા વિસ્તારમાં તપાસમાં હોય, તે દરમ્યાન નંબર વગરનુ એક લોડર (જોન ડીયર કોલરશીફટ વી-૬) વડે દરીયાઈ રેતીનુ ગેરકાયદેસર ખનન કરી બે ડંમ્પરો એક જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ તથા બીજુ ડંમ્પર નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ ધ્વારા ભરવામાં આવતુ હતુ. તપાસ ટીમ સ્થળ ઉપર પહોચેલ તે પહેલા જ બંને ડંમ્પર ચાલકો ડંમ્પર લઈ ભાગી ગયેલ તેમજ લોડર ચાલક લોડર મુકી સ્થળ પરથી નાસી ગયેલ.** તપાસ દરમ્યાન ડંમ્પર ચાલકના સદર લોડરના માલીક વીષે પુછતા જણાવેલ કે, **સદર લોડરના માલીક યોગેશ કરશનભાઈ ચાવડા છે જે બાબતે પી.એસ.આઈ. શ્રી ધ્વારા આગળની કાર્યવાહી અર્થે ભુસ્તરશાસ્ત્રીશ્રી ની કચેરી દેવભુમિ દ્વારકા ને તા.૦૧/૦૫/૨૦૨૦ થી પત્ર પાઠવેલ જે લોડરના માલીકશ્રી યોગેશ કરશનભાઈ ચાવડાને તા.૦૮/૦૫/૨૦૨૦ થી લોડરની કંમ્પાઉન્ડીગ ફી રૂપીયા બે લાખ ભરપાઈ કરવા નોટીસ પાઠવેલ. પરંતુ લોડરના માલીક ધ્વારા દંડકીય રકમ ભરપાઈ કરેલ નથી તેમજ વાહન ડંમ્પર નંબર ૦૭૭૧ ના તપાસ દરમ્યાન ડંમ્પર ચાલક કાનાભાઈ સામતભાઈ કરમુર વાહનમા ભરેલ આશરે દસ મેટ્રીક ટન દરીયાઈ રેતી ખનીજ ખાલી કરી નાસી ગયેલ હોય**

જેઓએ યોગેશભાઈ કરશનભાઈ ચાવડાને લોડર મારફતે ગેરકાયદેસર દરીયાઈ રેતી ભરેલ હોય જેમા વાહન માલીકની વીગતો ના હોય જેથી આર.ટી.ઓ. કચેરી દેવભુમિ દ્વારકા ખાતેથી વીગતો મંગાવી **વાહન માલીકશ્રી તાજમામદભાઈ કાસમભાઈ મલેકને તેઓએ કરેલ આશરે દસ મેટ્રીક ટન દરીયાઈ રેતી ખનીજના બીન અધીકૃત વહન માટે રૂપીયા એક લાખ નવસો ચોર્યાસી પુરાની કારણ સદર્શક નોટીસ પાઠવેલ, પરંતુ તેઓ ધ્વારા દંડકીય રકમ ભરપાઈ કરેલ નથી** તેમજ વાહન ડંમ્પર નં.જીજે.૧૮ યુ.૬૨૯૪ ના વાહન ચાલક મેરૂભાઈ ડોસાભાઈ ચાવડા તપાસ દરમ્યાન પોતાનુ વાહન તેમા ભરેલ દરીયાઈ રેતી ખનીજ ખાલી કરી નાસી ગયેલ. જે બાબતે તેમજ તેઓ ધ્વારા યોગેશભાઈ કરશનભાઈના લોડર મારફત રેતી ભરેલી. **સદર ડંમ્પરના માલીક શ્રી સવદાસ દેશુરભાઈ ચાવડા છે જેઓનુ તેઓ ધ્વારા કરવામા આવેલ આશરે ૧૦ મેટ્રીક ટન દરીયાઈ રેતી ખનીજના બીન અધીકૃત વહન બદલ રૂપીયા એક લાખ નવસો ચોર્યાસીનુ કારણદર્શક નોટીસ પાઠવેલ. પરંતુ તેઓ ધ્વારા પણ દંડકીય રકમ ભરપાઈ કરેલ નથી.** આમ, પોલીસ સ્ટેશન કલ્યાણપુરની તપાસ તેમજ અમારા અધીકારીશ્રીએ ભુસ્તરશાસ્ત્રીની લેખીત હુકમથી એમ.એમ.આર.ડી.એકટ ની કલમ.૪(૧), ૪(૧)એ, ૨૧(૧), ૨૧(૫) તેમજ જી.એમ.પી. આઈ.ટી.એસ. ૨૦૧૭ ની કલમ. ૩ અને ૨૧ તથા આઈ.પી.સી. કલમ.૩૭૯ ની કલમનો ભંગ કર્યા બદલ **લોડર તેમજ બંને ડંમ્પરોના ડ્રાઈવરો તેમજ માલીકો સામે અમો ધ્વારા કલ્યાણપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવેલ.** અમારી કચેરીએ રેતી ખનન અને વહન કરનાર ઉપરોકત ઈસમોને નોટીસો આપ્યા બાદ અને યોગેશ કરશનભાઈ એ બાંહેધરી આપ્યા બાદ સમયમર્યાદામાં રકમ ભરપાઈ ન કરતા **ભુસ્તરશાસ્ત્રી, દેવભુમિ દ્વારકા ખાણ ખનીજ ખાતાના હુકમ અન્વયે મે આરોપીઓ સામે ફરીયાદ દાખલ કરેલ હોવાનો પુરાવો આપેલ છે.** આ સાહેદની જુબાનીમાં આંક : ૫૫ થી ૬૦ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**૧૨.૧.** સદર સાહેદની આરોપી નં.૧ થી ૫ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મે દેવુભમિ ધ્વારકા જીલ્લા રોયલ્ટી ઈન્સ્પેકટર તરીકે તા.૨૭/૦૨/૨૦૧૯ થી તા.૩૧/૦૧/૨૦૨૨ સુધી ફરજ બજાવેલ. તપાસ અર્થે બંદર વિસ્તારમાં અમારે અવાર નવાર જવાનુ થતુ હતુ. **બનાવવાળી જગ્યાએ ખનન થતુ હોય તેવુ મારા ધ્યાન ઉપર આવેલ નહી.** તા.૨૯/૪/૨૦૨૦ ના રોજ કલ્યાણપુર પો.સ્ટે.ના પી.એસ.આઈ.શ્રીના રીપોર્ટના આધારે મને બનાવવાળી જગ્યાએ ખનન થતુ હોવાનુ જાણવા મળેલુ. **મે તા.૨૯/૪/૨૦૨૦ ના રોજ થી ફરીયાદ આપી ત્યાં સુધી મે સ્થળ ઉપર જઈ કોઈ તપાસ કરેલી નહી. પી.એસ.આઈ.ના રીપોર્ટના આધારે મારા ઉપલા અધીકારીએ મને જણાવતા મે લેખીત ફરીયાદ આપેલી.** ફરીયાદ આપ્યા બાદ મારે પોલીસ સાથે બનાવવાળા સ્થળે જવાનુ બનેલુ નહી. **ફરીયાદમાં ફરીયાદ મોડી કરવાનુ કોઈ કારણ, ખુલાસો જણાવેલ નથી, સાહેદ જણાવે છે કે, નોટીસ આપવામા આવેલી અને દંડકીય રકમ જમા કરાવવા માટે સમય આપવામાં આવેલો જેથી મોડુ થયેલુ. મે કોઈ આરોપીને નોટીસ આપેલ નથી.** એ વાત ખરી નથી કે નોટીસ કયા માધ્યમથી બજાવવામાં આવેલી તે હુ કહી શકુ નહી, સાહેદ જણાવે છે કે નોટીસ રજી.એડીથી થાય છે. એ વાત ખરી છે કે આરોપીઓને કારણદર્શક નોટીસ બજી ગયેલ હોય તેવુ મારા ધ્યાન પર આવેલ નથી, સાહેદ જણાવે છે કે એક આરોપીએ દંડકીય રકમ ભરપાઈ કરવા અંગેનુ સોગંદનામુ રજુ કરેલ હતુ. મને આંક-૫૭ થી ૫૯ વાળી કારણદર્શક નોટીસ બતાવવામા આવે છે તે નોટીસ રૂબરૂમાં બજાવવામા આવેલ નથી. **ફરીયાદ આપતા પહેલા મે આર.ટી.ઓ. કચેરીમાં મુદ્દામાલ વાહન બાબતે કોઈ તપાસ કરેલી નહી.** મે આંક-૫૫ વાળી ફરીયાદ જાતે તૈયાર કરેલી. આંક -૫૫ વાળી ફરીયાદ રીપોર્ટના આધારે તૈયાર કરેલી. મે ફરીયાદ સાથે શો કોઝ નોટીસો, એક આરોપીએ રજુ કરેલ સોગંદનામુ રજુ કરેલા. મને આંક-૫૫ વાળી ફરીયાદ બતાવવામા આવે છે તેમા કુલ કેટલા પાનાની ફરીયાદ છે તે જણાવેલ નથી પરંતુ બિડાણ જણાવેલ છે. મે આંક-

૫૫ વાળી ફરીયાદ પો.સ્ટે. જઈ રૂબરૂ આપેલી. બિડાણમા જણાવ્યા સીવાય કોઈ દસ્તાવેજ પો.સ્ટે.મા રજુ કરેલ નથી, સાહેદ જણાવે છે કે અધીકારીએ મને અધીકૃત કરેલ લેટર પણ ફરીયાદ સાથે આપેલો. **મને ઓથોરાઈઝડ કરતો લેટર આંક-૫૬ વાળો બતાવવામાં આવે છે તે તા.૦૩/૦૬/૨૦૨૦ રોજનો છે અને ફરીયાદ તા.૧૨/૦૬/૨૦૨૦ ના રોજ આપેલ છે, આ દરમ્યાનના વિલંબ બાબતે મે ફરીયાદમા હકીકત જણાવેલ નથી.** આંક-૬૦ વાળી બાંહેધરીપત્ર અમારી કચેરીમાં ટપાલથી મળેલ. અમને ગેરકાયદેસર માઈનીંગ બાબતે ફરીયાદ રજુઆત મળે તો અમારે તેની તપાસ કરવાની હોય છે, સાહેદ જણાવે છે કે અમારે આકસ્મીક તપાસ કરવાની હોય છે. **મે ફરીયાદ આપ્યા સીવાય બીજી કઈ કામગીરી કરેલ નથી. પોલીસ અધીકારીએ મારુ કોઈ નીવેદન નોંધેલ નથી. મે મારી ફરીયાદમાં કયા સર્વે નંબરમા ખનન કરવામા આવેલ તે જણાવેલ નથી. મે ફરીયાદ કરતા પહેલા કોઈ રેવન્યુ રેકર્ડ મેળવેલ નહી કે તપાસ કરેલ નહી.** વધુ ઉલટતપાસ ડીનાઇલ સ્વરૂપની હોય, તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

**૧૨.૨.** સદર સાહેદની આરોપી નં.૬ અને ૭ તરફે ઉલટતપાસ, આરોપી નં.૧ થી ૫ તરફે કરવામાં આવેલ ઉલટતપાસને એડોપ્ટ કરેલ છે.

**<u>પોલીસ સાહેદોનો પુરાવો</u> :-**

**૧૩.** ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૬ તરીકે આંક : ૮૭ થી ઝાંઝાભાઈ લખમણભાઈ ઓડેદરાનાઓને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, સને-૨૦૨૦ ની સાલમાં અમો પી.એસ.આઈ. તરીકે કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. ગઈ **તા.૨૯/૦૪/૨૦૨૦ ના રોજ અમો પો.સ્ટે. વીસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ભોગાત બંદર બાજુ પેટ્રોલીંગ દરમ્યાન અમો પોલીસને જોઈ**

**એક ડંમ્પર દરીયાઈ રેતી ખાલી કરી ભાગેલ હોય જેનો પીછો કરી પકડતા જેના ડ્રાઈવરનુ નામ પંચો રૂબરૂ પુછતા મેરૂભાઈ ડોસાભાઈ નાઓ હોય અને સદરહુ દરીયાઈ રેતી રોયલ્ટી વગરની ભરેલ હોય અને જે રેતી ડંમ્પરમા ભરેલ હતી તે લોડર મારફતે ભરેલી હોય જે બાબતે ડ્રાઈવર મેરુભાઈનુ નીવેદન લેતા સદરહુ લોડર યોગેશભાઈના માલીકનુ હોય તે નીવેદન લીધેલ અને ખનીજ બાબતે ભુસ્તરશાસ્ત્રીને રીપોર્ટ કરેલ. ટ્રક/ડંમ્પર નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ નંબરનુ હતુ. આ ડંમ્પરમા લોડર ધ્વારા રેતી ભરવામાં આવેલ જેના માલીક યોગેશભાઈ ચાવડા હતા** અને આ લોડરના નંબર હાલ મને યાદ નથી. આ સાહેદની જુબાનીમાં આંક : ૮૮ થી ૯૨ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**૧૩.૧.** સદર સાહેદની આરોપી નં.૧ થી ૭ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમને બાતમી મળેલ ન હતી. અમે રાત્રીના સમયે પેટ્રોલીગમાં હતા, ચોકકસ સમય હાલમાં હુ જણાવી શકુ નહી. એ વાત ખરી નથી કે, ડંમ્પરો લોડર વડે દરીયાઈ રેતી ભરાતી હોય કે ખાલી થતી હોય તે મે નજરે જોયેલ નહી. **સ્થળ ઉપર કોઈ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરવામાં આવેલ નહી. હાલમા મને યાદ નથી કે મુદામાલ વાહન બાબતે વજન કરાવી કાટાચીઠ્ઠી કરી હોય કે કેમ. મને આંક-૮૮ બતાવવામા આવે છે તે જોઈને જણાવુ છુ કે તે ડંમ્પર નં.જીજે. ૧૩.ડબલ્યુ.૦૭૭૧ ના ડ્રાઈવર સ્થળ ઉપર ડંમ્પર મુકી નાસી ગયેલ હોવાનુ જણાવેલ છે. મને આંક-૮૯ બતાવવામા આવે છે તે જોઈને જણાવુ છુ કે તે લોડરના ડ્રાઈવર સ્થળ ઉપર લોડર મુકી નાસી ગયેલ હોવાનુ જણાવેલ છે.** મને આંક-૯૦ બતાવવામા આવે છે તે જોઈને જણાવુ છુ કે, ડંમ્પર નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ ના ડ્રાઈવર મેરુભાઈની સહી લીધેલ છે તે તેના ઓળખકાર્ડ સાથે ખરાઈ કરેલ કે કેમ, તે હાલમા હુ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, આંક-૯૧ વાળો ડંમ્પર નંબર સુધારાનો રીપોર્ટ પાછળથી ખોટી રીતે ઉભો કરેલ છે. **મે સ્થળ ઉપરથી ખાણ ખનીજના અધીકારીને જાણ કરેલી**

**નહી. મારા ધ્વારા આર.ટી.ઓ. અધીકારીને રીપોર્ટ કરવામાં આવેલ કે કેમ, તે હાલમા મને યાદ નથી. મારા ધ્વારા વાહન ચાલક કે વાહન માલીકને કોઈ કારણદર્શક નોટીસ આપવામા આવેલ નહી.** એ વાત ખરી નથી કે સ્થળ ઉપર કોઈ પંચોને બોલાવવામાં આવેલ નહી. **એ વાત ખરી છે કે મે સ્થળ ઉપર કાર્યવાહી કરી ભુસ્તરશાસ્ત્રીને રીપોર્ટ કરેલ અને સ્ટે.ડા.માં વાહન બાબતે નોધ કરાવવા બાબતે કાર્યવાહી કરેલ તે સીવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.** વધુ ઉલટતપાસ ડીનાઇલ સ્વરૂપની હોય, તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

**૧૪.** ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૭ તરીકે આંક : ૧૦૧ થી હરદાસભાઈ ભીખાભાઈ ચાવડાનાઓને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ગઈ તા.૨૯/૪/૨૦૨૦ ના રોજ અમો તથા સાથેના સ્ટાફ પો.હેડ કો. મયુરભાઈ ગોજીયા તથા પો.કો. મીલનભાઈ ભભાણા એ રીતેના પી.એસ.આઈ. ઝેડ.એલ.ઓડેદરા સાહેબ સાથે ખાનગી વાહનમાં નાઈટ રાઉન્ડમા હતા તે દરમ્યાન કલાક.૨:૦૦ વાગ્યાની આસપાસ **ભોગાત બંદર જતા ત્યાં દરીયા કાંઠે બે ટ્રકમાં લોડર વડે દરીયાઈ રેતી ભરાતી હોય જેથી અમો ત્યાં જતા ટ્રક નં.જીજે.૧૩.ડબલ્યુ.૭૭૧ તથા બીજો ટ્રક જી.જે.૧૮.યુ.૬૨૯૪ તથા એક જોન ડીયર કંપનીનુ લોડર ત્યાં હતા જેમાંથી ટ્રક નં બર જીજે. ૧૩.ડબલ્યુ ૭૭૧ ના ડ્રાઈવર હાજર ન હતા તેમજ ટંક નં.૧૮ યુ.૬૨૯૪ ના મેરૂભાઈ ડોસાભાઈ હાજર મળેલ અને તેઓની પુછપરછ કરતા ઉપરોકત જીજે.૧૩ ડબલ્યુ ૭૭૧ ના ટ્રક ચાલક કાનાભાઈ કરમુર તથા લોડર યોગેશભાઈ ચાવડાનુ હોવાનુ જણાવેલ.** આ ડંમ્પરોમાં તેઓએ ભરેલ દરીયાઈ રેતી ખાલી કરી નાખેલ હતી. જે રેતી આશરે દસેક ટન જેટલી હતી અને **હાજર મળી આવેલ ઈસમ પાસે રોયલ્ટી કે પાસ પરમીટ ન હોય જેથી આ વાહનો કલ્યાણપુર પો.સ્ટે. લઈ આવી ત્રણેય વાહન ચાલકો વિરૂધ્ધ ખાણ ખનીજ અધિકારીશ્રીના ખાતાકીય રાહે રોયલ્ટી દંડ વસુલવા માટે**

**રીપોર્ટ પી.એસ.આઈ. શ્રી ઝેડ. એલ. ઓડેદરા સહેબે કરેલ હતો. બાદ આ લોકોએ દંડ ભરેલ ન હોય જેથી ખાણ ખનીજ અધિકારી ભવદીપભાઈ ડોડીયાએ કલ્યાણપુર પો.સ્ટે.માં આ વાહન ચાલકો તથા તપાસમા ખુલે તેના વિરૂધ્ધ ફરીયાદ આપેલ હતી.** આ ઉપરોકત કામગીરીમાં અમો મદદગારીમા હતા. તપાસ કરનાર અમલદારે મારુ નીવેદન લીધેલ હોવાનો પુરાવો આપેલ છે.

**૧૪.૧.** સદર સાહેદની આરોપી નં.૧ થી ૭ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મને બાતમી મળેલ ન હતી. અમે કયા વાહનમા નાઈટ રાઉન્ડમાં નીકળેલા તે વાહન નંબર જણાવેલ નથી, સાહેદ જણાવે છે કે વાહન ખાનગી હતુ. **એ વાત ખરી નથી કે, ડંમ્પરો લોડર વડે દરીયાઈ રેતી ભરાતી હોય કે ખાલી થતી હોય તે મે નજરે જોયેલ નહી.** એ વાત ખરી નથી કે ડંમ્પરમાંથી રેતી ખાલી કરાતી હોય તે મે જોયેલ નથી, સાહેદ જણાવે છે કે અમને જોઈને ખાલી કરેલ હતુ. **એ વાત ખરી છે કે મે પોલીસ રૂબરૂના નીવેદનમાં ડ્રાઈવર કાના સામત કરમુર ટ્રક મુકીને નાસી ગયેલ તેવુ લખાવેલ છે. સ્થળ ઉપર ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરેલ નથી. વાહનનુ કોઈ વજન કરાવેલ નથી કે કોણ વ્યકિત ત્યાં વાહન લાવેલ તેની મને જાત માહિતી નથી.** વધુ ઉલટતપાસ ડીનાઇલ સ્વરૂપની હોય, તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

**<u>ચાર્જશીટ કરનાર તથા તપાસ કરનાર અમલદારશ્રીનો પુરાવો</u> :-**

**૧૫.** ફરીયાદપક્ષ તરફે **ચાર્જશીટ કરનાર તથા તપાસ કરનાર અમલદારશ્રી કનુભાઇ અરશીભાઇ ચાવડાનાઓને સાહેદ નં.૮ તરીકે આંક : ૧૧૫ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, સને-૨૦૨૦ ની સાલમાં અમો હેડ

કોન્સ્ટેબલ તરીકે કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. **કલ્યાણપુર પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૬૮૫/૨૦૨૦ ની આગળની તપાસ અમોને કલ્યાણપુર પો.સ્ટે.ના હેડ કોન્સ્ટેબલ લખમણભાઈ કે કાગડીયાનોઓ તરફથી મળતા અમોએ કાગળો સંભાળી આગળની તપાસ સંભાળેલ.** જેમા આ ગુનાના ફરીયાદી ભવદીપભાઈ જે ડોડીયા, રોયલ્ટી ઈન્સપેકટર ખંભાળિયાનાઓએ આરોપીઓએ નામ નંબર પ્લેટ વગરના માલિક તથા ડમ્પર ટ્રક નંબર જી.જે.૧૩ ડબલ્યુ-૦૭૭૧ ના ચાલકના તથા માલિક તથા ડમ્પર ટ્રક નંબર- જી. જે.-૧ ૮-૬૨૯૪ ના ચાલક ટ્રક માલિક વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ-૩૭૯ તથા માઈન્સ એન્ડ મીનરલ્સની કલમ- ૪(૧) વિગેરે મુજબ આરોપી ગઈ **તા.૨૯/૦૪/૨૦૨૦ ના રોજ કલ્યાણપુર પોલીસ સ્ટેશનના પો.સ.ઈ શ્રી ઝેડ.એલ. ઓડેદરા તથા પોલીસ સ્ટાફ રાત્રીના કલાક ૦૨:૦૦ વાગ્યે રેઈડ કરતા ભોગાત બંદર વિસ્તારમાં રેઈડ કરતા ડમ્પર બે તથા લોડર દરીયાઈ રેતી ભરતા મળી આવતા રેઈડ કરતા ડમ્પર ચાલક પોતાના ડમ્પરોમાં ભરેલી દરીયાઈ રેતી ખાલી કરી ડમ્પરો સ્થળ ઉપર છોડી જતા રહેલ હોય જેનો પીછો કરી પકડતા જેના ડ્રાઈવરનુ નામ પંચો રૂબરૂ પુછતા મેરૂભાઈ ડોસાભાઈ નાઓ હોય અને સદરહુ દરીયાઈ રેતી રોયલ્ટી વગરની ભરેલ હોય અને જે રેતી ડંમ્પરમા ભરેલ હતી તે લોડર મારફતે ભરેલી હોય જે બાબતે ડ્રાઈવર મેરુભાઈનુ નીવેદન લેતા સદરહુ લોડર યોગેશભાઈના માલીકનુ હોય તે નીવેદન લીધેલ અને ખનીજ બાબતે ભુસ્તરશાસ્ત્રીને રીપોર્ટ કરેલ અને ભુસ્તરશાત્રીનાઓએ ડમ્પર ટ્રક જી.જે.૧૩ ડબલ્યુ-૦૭૭૧ ના માલિક તાજમોહમદ તથા ટ્રક નંબર જી.જે.૧૮ યુ-૬૨૯૪ ના માલિક સવદાસભાઈ દેસુરભાઈ ચાવડા તથા લોડરના માલિક યોગેશ કરશન ચાવડા નિયમ મુજબ નોટીસો કાઢી દંડ ભરવા જણાવેલ અને માલિકો ધ્વારા દંડ ન ભરતા ફરીયાદ ભવદીપભાઈ જયવંતભાઈ ડોડીયાએ રજીસ્ટર કરાવેલ.** તપાસ દરમિયાન ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલ રેકર્ડ તેમજ આર.સી. બુકોના અભ્યાસ કરી તપાસ કરતા ડમ્પર ટ્રક નંબર જી.જે.૧૩ ડબલ્યુ-૦૭૭૧ તથા ટ્રક

નંબર જી.જે.૧૮.યુ.૬૨૯૪ તથા લોડર રજીસ્ટર નંબર જી.જે.૧૨.ડીજી- ૦૪૮૪ ના વેચાણ કરારના માલિક યોગેશભાઈ કરશનભાઈ ચાવડાનાઓએ તેઓના તેમજ તેમના ટ્રક તથા લોડરના જે તારીખ-૨૯/૦૪/૨૦૨૦ ના રોજ મળી આવેલ હોય અને કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં રખાવેલ હોય જે વાહનો તપાસ કરનાર પો.હેડ. કોન્સ. એલ.કે.કાગડીયા તપાસ અર્થે કબજે લીધેલ હોય તેમજ **તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય,** આ ઉપરકોત ડમ્પર ટ્રકના માલિકો તેમજ ડ્રાઈવરોનુ આ ગુનામાં તપાસના કામે બોલાવતા તેઓ સ્વખુશીથી તા.૨૯/૦૬/૨૦ ના રોજ કલ્યાણપુર પોલીસ સ્ટેશને હાજર થયેલા જેમા લોડર માલિક યોગેશભાઈ કરશનભાઈ ચાવડા તથા ડ્રાઈવર દીલીપભાઈ રુધાભાઈ ચાવડા તથા ટ્રક નંબર જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ના માલિક તાજમોહમદભાઈ કાસમભાઈ મલેક તથા આ ટ્રક ડમ્પર ચલાવનાર કાનાભાઈ સામતભાઈ કરમુર તા.૧૪/૦૭/૨૦૨૦ ના રોજ હાજર થતા ધોરણસર અટક કરેલ અને નામદાર કોર્ટમા રજુ કરેલ તથા ટ્રક નંબર જી.જે.૧૮.યુ.૬૨૯૪ ના માલિક લાલદાસ રામદાસ દેવમોરારી તથા સવદાસભાઈ દેસુરભાઈ ચાવડા તથા ટ્રક ડ્રાઈવર તા.૨૯/૦૬/૨૦૨૦ ના રોજ હાજર થતા તથા લોડરના માલિક તથા ડ્રાઈવર ને તા.૨૯/૦૬/૨૦૨૦ ના રોજ અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ. ઉપરોકત **વાહનના માલિકોએ તપાસ અર્થે કબજે કરેલ ઉપરોકત નંબરવાળા વાહનો છોડવવા નામદાર કોર્ટમાં અરજીઓ કરતા અમોએ અભિપ્રાય નામદાર કોર્ટમાં આપેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરાવાઓ મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ** હોવાનો પુરાવો આપેલ છે. આ સાહેદની જુબાનીમાં આંક : ૧૧૬ અને ૧૨૧ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**૧૫.૧.** સદર સાહેદની આરોપી નં.૧ થી ૭ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મને તા.૨૯/૦૬/૨૦૨૦ રોજ મને તપાસ મળેલી. **તપાસ મળ્યા બાદ બનાવવાળા સ્થળ પર હુ રૂબરૂ ગયેલ**

**નહી. મે તપાસ દરમિયાન તપાસ સંદર્ભે ખાણખનીજ વિભાગ કે મહેસુલ વિભાગ કે ડી.આઈ.એલ.આર ઓફિસ સાથે કોઈ પત્રવ્યવહાર કરેલ નહી. મે રેવન્યુ રેકર્ડ જોયેલ નહી કે તપાસેલ નહી. મે મારી તપાસ દરમિયાન કોઈ નિવેદન નોંધેલ નથી. મે મારી તપાસ દરમિયાન મુદ્દામાલનું વજન કરી કાંટા ચીઠી મેળવેલ હોય તેવુ બનેલ નથી.** ભોગાત ગામ એ દરીયા કાઠાના વિસ્તારનું ગામ છે. ડમ્પર અને લોડર એ ખેતીકામમાં પણ ઉપયોગમાં આવી શકે તેવા વાહનો છે. **આરોપીના અટક કર્યા અંગેના પંચનામા કરેલા નથી. મારી તપાસ દરમિયાન દરીયાઈ રેતી મળી આવેલ હોય તેવુ બનેલ નથી. વાહન બાબતે આર.ટી.ઓ કચેરી સાથે કોઈ પત્રવ્યહાર કરેલ નથી. અમારી તપાસ દરમિયાન આરોપીઓને નોટીસ આપેલ હોય તેવુ બનેલ નથી.** અમારી તપાસ દરમિયાન ખાણ ખનીજ વિભાગે નોટીસ આપેલ તે બાબતનુ રેકર્ડ મેળવેલ નથી સાહેદ જણાવે છે કે, ખાણખનીજ વિભાગે રજુ કરેલ છે. મે ખાણ ખનીજ વિભાગ સાથે પત્રવ્યહાર કરી નોટીસ બાબતેની માંગણી કરેલ નહી. સાહેદ જણાવે છે કે, ખાણ ખનીજ વિભાગે પહેલેથી જ રજુ કરેલ હતું. કોઈ પણ ખનીજનું વજન અને ગુણવતાના આધારે તેની કિંમત નકકી થઈ શકે. **મે મારી તપાસ દરમિયાન વજન તથા ગુણવતા નકકી કરવા મે કોઈ કાર્યવાહી કરેલ નથી. ફરીયાદ મોડી આપવા બાબતે ફરીયાદીનું કોઈ વિશેષ નિવેદન નોંધેલ નથી.** વધુ ઉલટતપાસ ડીનાઇલ સ્વરૂપની હોય, તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

**૧૬.** ફરીયાદપક્ષ તરફે **તપાસ કરનાર અમલદારશ્રી લખમણભાઇ કરશનભાઇ કાગડીયાનાઓને સાહેદ નં.૯ તરીકે આંક : ૧૨૯ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, સને-૨૦૨૦ ની સાલમાં અમો હેડ કોન્સ્ટેબલ તરીકે કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. કલ્યાણપુર પો.સ્ટે પાર્ટ એ ગુના રજીસ્ટર નં.૬૮૫/૨૦૨૦, આઈ.પી.સી. કલમ.૩૭૯ તથા માઈન્સ એન્ડ મીનરલ્સ એકટની

તથા તેના નિયમ તથા ગુજરાત માઈન્સ અન્ડ મીનરલ્સ કલમ મુજબના **ગુનો પી.એસ.ઓ. કે.એ.ચાવડાએ દાખલ કરી આગળની તપાસ અમોને સોંપતા અમોએ આ કામે કલ્યાણપુર પોલીસ સ્ટેશન ખાતે રખાવેલ વાહનો બે ટ્રક જેમા એકના રજી.નં.જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ તથા બીજા ટ્રકના રજીસ્ટર નં.જી.જે.૧૩.યુ.૬૨૯૨ લગભગ હતા તથા એક લોડર હતુ, જે નંબર પ્લેટ વગરનુ હતુ જે વાહનોનુ પંચોની હાજરીમાં પંચનામું કરેલ તથા બાદ સ્થાનીક જગ્યા ભોગાત ગામના દરીયાકાંઠા વિસ્તારેમા આવેલ હોય તેનુ પંચનામુ કરેલ અને લાગતા વળગતા પોલીસ કર્મચારી સાહેદોના નીવેદનો નોધેલ તથા અમારી બદલી અન્ય બીટમાં થઈ જતા અમોએ આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ કે.એ.ચાવડાને સોંપી આપેલ** હોવાનો પુરાવો આપેલ છે.

**૧૬.૧.** સદર સાહેદની આરોપી નં.૧ થી ૫ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં **એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ દોઢ મહિના જેટલો સમય લેટ હતી તે અંગે મે તપાસ કરેલ નહી. રેડ કરવામા આવી તે વખતે હુ રેડમાં સામેલ ન હતો. મે આંક-૪૭ વાળું મુદ્દામાલ કબ્જ કર્યાના પંચનામા કરતા અગાઉ બનાવવાળી જગ્યાનુ રેવન્યુ રેકર્ડ ચકાસેલ નહી. મે મારી તપાસ દરમ્યાન મુદ્દામાલ ટ્રક અને ટ્રેકટર લોડર જોન ડીઅરના માલીક કોણ છે તે અંગે આર.ટી.ઓ.માં પત્ર વ્યવહાર કરી ખરાઈ કરેલ નહી. મે દરીયાઈ રેતીની ગુણવતા નકકી કરવા માટે ખાણ ખનીજ વિભાગ સાથે કોઈ પત્રવ્યવહાર કરેલ નહી. આંક-૪૭ વાળા મુદામાલ કબ્જે કર્યાના પંચનામામાં કબ્જે કરવામાં આવેલ ટ્રકોમાં દરીયાઈ રેતી ન હતી.** આંક-૪૭ વાળા પંચોને પોલીસ સ્ટેશન બહાર રોડ છે ત્યાંથી બોલાવેલ. પંચોને મે બોલાવેલા. **મે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કર્યુ તે વખતે રેવન્યુ રેકર્ડથી ખરાઈ કરેલ નહી.** મે ગુનાવાળી જગ્યાના પંચને બોલાવેલા. **મુદામાલ દરીયાઈ રેતી ટ્રકમાં ભરતા કોઈ સ્વંતત્ર સાહેદના નીવેદન મે લીધેલ નથી, સાહેદ જણાવે છે કે પોલીસ સાહેદ જે રેડ**

**સમયે હાજર હતા, તેઓના નીવેદન લીધેલા. મે મારી તપાસ દરમ્યાન ડી.આઈ.એલ.આર. મારફતે બનાવવાળી જગ્યાની માપણી કરાવેલ નથી.** આંક-૪૩ વાળા પંચનામામાં મહિનો ઘુંટેલ છે તેની ઉપર કોઈ ટુંકી સહી કરવામાં આવેલ નહી. **મે મારી તપાસ દરમ્યાન ત.ક.મંત્રી તથા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓના નીવેદન નોંધેલ નથી.** એ વાત ખરી નથી કે બનાવાળી જગ્યાની નજીકમા ભોગાત ગામના ખેડુતોની ખેતીની જમીન આવેલી છે. વધુ ઉલટતપાસ ડીનાઇલ સ્વરૂપની હોય, તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

**<u>મુદ્દા નં.૧ અને ૨ અંગે રજુ થયેલ પુરાવાઓનુ મૂલ્યાંકન</u> :-**

**૧૭.** બન્ને પક્ષોની લંબાણપૂર્વકની દલીલો સાંભળી. હાલના ગુના કામે આરોપીઓ ઉપર ઈ.પી.કો. કલમ-૩૭૯ તથા એમ.એમ.આર.ડી. એકટ સને-૧૯૫૭ ની કલમ-૪(૧) અને ૪(૧)એ, ૨૧(૧) અને ૨૧(૫) તથા ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ-૨૦૧૭ ના રૂલ્સ ૩ અને ૨૧ મુજબના ગુનાનો આક્ષેપ છે.

**૧૭.૧.** હાલના ગુના કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાઓની અરસપરસ છણાવટ કરતા અગાઉ, આરોપીઓ ધ્વારા એમ.એમ.આર.ડી. એકટની કલમ-૨૨ અંગે આ કોર્ટને ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા રહેતી ન હોવાની દલીલ કરેલ છે તેથી સૌપ્રથમ એમ.એમ.આર.ડી. એકટની કલમ : ૨૨ ધ્યાને લેવામાં આવે તો, એમ.એમ.આર.ડી. એકટ હેઠળના ગુન્હા સબબ પોલીસને ફરીયાદ નોંધવાની, તપાસ કરવાની કે ચાર્જશીટ કરવાની સત્તા જ નથી.

**૧૭.૨.** આ કામે નામદાર સર્વોચ્ચ અદાલતે **ક્રિમીનલ અપીલ નં.૧૯૨૦/૨૦૧૯ (એસ.સી.) કનવરપાલ સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. અને**

**બીજાઓ**ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે એમ.એમ.આર.ડી. એકટની કલમ-૨૨ માં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨(સી), ૨(ડી), ૨(એચ)ની જોગવાઈ વંચાણે લઈ નામદાર સુપ્રિમકોર્ટે સદરહું ચુકાદામાં **૨૦૧૪(૯) એસ.સી.સી. ૭૭૨ માં પ્રસિધ્ધ થયેલ રાજ્ય (એન.સી.ટી. ઓફ દિલ્હી) વિરૂધ્ધ સંજય**નો ચુકાદો રીફર કરેલ છે. નામદાર સુપ્રિમકોર્ટે ઉપરોકત ચુકાદાના પેરા-૧૧ માં એવુ ઠરાવેલ છે કે...,

> *"After referring to Section 26 of the General Clauses Act and the meaning of the expression 'same offence', to observe that the offence under Section 21 read with Section 4 of the Mines Regulation Act and Section 379 of the IPC are different and distinct. The aforesaid reasoning compels us to reject the contention of the appellant that the action as impugned in the FIR is a mere violation of Section 4 which is an offence cognizable only under Section 21 of the Mines Regulation Act and not under any other law. There is no bar on the Court from taking cognizance of the offence under Section 379 of the IPC. We would also observe that the violation of Section 4 being a cognizable offence, the police could have always investigated the same, there being no bar under the Mines Regulation Act, unlike Section 13(3)(iv) of the TOHO Act."*

**૧૭.૩.** નામદાર ગુજરાત હાઈકોર્ટના **સ્પેશ્યલ ક્રિમીનલ અપીલ નં.૬૮૫૫/૨૦૨૦ તથા સ્પેશ્યલ ક્રિમીનલ અપીલ નં.૩૯૨૩/૨૦૨૦ (એચ.સી.) કાલીયા ચીરાગ ભરતભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**નો ચુકાદો રીફર કરેલ છે. સદરહું ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૩૭૯, ૧૧૪ અને ૧૨૦(બી), એમ.એમ.આર.ડી.ની કલમ-૪(૧-એ), ૨૧(૧), ૨૧(૪), ૨૧(૪)(એ) તથા ગુજરાત મીનરલ્સ (પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ,

ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ, ૨૦૧૭ ની કલમ-૩, ૨૧, ૨૧(એ) ની છણાવટ કરી સદરહું ચુકાદાના પેરા-૭.૪ માં એવુ ઠરાવેલ છે કે...,

> *"Considering the fact that otherwise also, even believing the allegation made in the F.I.R. for the sake of argument, then also the offences under the provisions of Mines and Minerals (Development and Regulation) Act, 1957 and Sections 379, 114 & 120(b) of the I.P.C. cannot be clopped together. Moreover, the prayers made in the present applications and moreover considering the fact that the applicants have not played any active role or have taken any active participation in the commission of crime, continuation of present proceeding against the respective applicants pursuant to the impugned F.I.R. will amount to abuse of process of law and will create undue hardship of the applicant(s)."*

**૧૭.૪.** નામદાર ગુજરાત હાઈકોર્ટના **ક્રિમીનલ મીસ. એપ્લીકેશન નં.૬૮૩૦/૨૦૧૯ ઉલ્લાસભાઈ લાભુભાઈ બાબરીયા-વિરૂધ્ધ-સ્ટેટ ઓફ ગુજરાત**નો ચુકાદો રીફર કરેલ છે. સદરહું ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એમ.એમ.આર.ડી.ની કલમ-૨૨ વંચાણે લઈ નામદાર સુપ્રિમકોર્ટે ક્રિમીનલ અપીલ નં.૨૧૦૫/૨૦૧૩ નો ચુકાદો રીફર કરેલ છે, જે ચુકાદાના પેરા-૫૭, ૫૮, ૫૯ અને ૬૦ માં એવુ ઠરાવેલ છે કે...,

> *57. Sub-section (1A) of Section 4 of the MMDR Act puts a restriction in transporting and storing any mineral otherwise than in accordance with the provisions of the Act and the rules made thereunder. In other words no person will do mining activity without a valid lease or license. Section 21 is a penal provision according to*

*which if a person contravenes the provisions of Subsection (1A) of Section 4 shall be prosecuted and punished in the manner and procedure provided in the Act. Sub-section (6) has been inserted in Section 4 by amendment making the offence cognizable notwithstanding anything contained in the Code of Criminal Procedure 1973.*

*58. Section 22 of the Act puts a restriction on the court to take cognizance of any offence punishable under the Act or any rule made thereunder except upon a complaint made by a person authorized in this behalf.*

*59. It is very important to note that Section 21 does not begin with a non-obstante clause. Instead of the words notwithstanding anything contained in any law for the time being in force no court shall take cognizance&.., the Section begins with the words no court shall take cognizance of any offence.*

*60. It is well known that a non-obstante clause is a legislative device which is usually employed to give overriding effect to certain provisions over some contrary provisions that may be found either in the same enactment or some other enactment, that is to say, to avoid the operation and effect of all contrary provisions.*

**૧૭.૫.** આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે **સ્ટેટ ઓફ એન.સી.ટી. ઓફ દિલ્હી વિ. સંજ્યનો ૨૦૧૪(૦) એઆઈજેઈએલ-સુપ્રિમકોર્ટ ૫૫૬૫૯ (ક્રિમીનલ અપીલ નં.૪૯૯ /૨૦૧૧, તા.૦૪/૦૯/૨૦૧૪)** ના કેસમાં ઠરાવેલ

સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો તેમા પણ ઠરાવેલ છે કે...,

*"Section 22 of the Act puts a restriction on the court to take cognizance of any offence punishable under the Act or any rule made thereunder except upon a complaint made by a person authorised in this behalf."*

ઉપરોક્ત ચુકાદાના પેરા-૫૦ તથા પેરા-૭૦ માં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,...

*"50. It is well known principle that the rule against double jeopardy is based on a maxim nemo debet bis vexari pro una et eadem causa, which means no man shall be put in jeopardy twice for one and the same offence. Article 20 of the Constitution provides that no person shall be prosecuted or punished for the offence more than once. However, it is also settled that a subsequent trial or a prosecution and punishment has no bar if the ingredients of the two offences are distinct."*

"70. From a close reading of the provisions of MMDR Act and the offence dened under Section 378, IPC, it is manifest that the ingredients constituting the offence are different. The contravention of terms and conditions of mining lease or doing mining activity in violation of Section 4 of the Act is an offence punishable under Section 21 of the MMDR Act, whereas dishonestly removing sand, gravels and other minerals from the river, which is the property of the State, out of State's possession without the consent, constitute an offence of theft."

**૧૮.** આરોપીઓ સામે માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ (એમ.એમ.આર.ડી.) તથા ગુજરાત મીનરલ્સ (પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) મુજબના ગુનાનો આક્ષેપ છે. કાયદાની કલમ-૨૨ ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

*"Section 22 of Mines and Mineral (Development and Regulation) Act, 1957 (in short the MMDR Act,.:-*

*Cognizance of offence: No court shall take cognizance of any offence punishable under this act or any rules made thereunder except upon complaint in writing made by a person authorised in this behalf by the Central Government or the State Government."*

**૧૮.૧.** એમ.એમ.આર.ડી. એકટની કલમ-૨૨ વંચાણે લેતાં, એ સ્પષ્ટ થાય છે કે, આ કાયદા હેઠળ જો કોઈ ગુનો બનતો હોય તો તે અંગે સક્ષમ સત્તા અધિકારી ધ્વારા ફરીયાદ કરવી જોઈએ. ઉપરોકત જોગવાઈ મુજબ સક્ષમ સત્તા અધિકારીએ ફરીયાદ કરવી જોઈએ. કલમ-૨૨ માં ફરીયાદ શબ્દનો ઉલ્લેખ કરેલ છે. એમ.એમ.આર.ડી. એકટમાં ફરીયાદ (કમ્પ્લેઈન્ટ) શબ્દની વ્યાખ્યા કરવામાં આવેલ નથી. એમ.એમ.આર.ડી. એ સ્પેશ્યલ એકટ છે. પરંતુ, જો તેમાં કમ્પ્લેઈન્ટની વ્યાખ્યા કરવામાં ન આવેલ હોય તો તે સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨(ડી) માં ફરીયાદ (કમ્પ્લેઈન્ટ) ની જે વ્યાખ્યા કરવામાં આવેલ છે તે વંચાણે લેવી જોઈએ. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨(ડી) માં કમ્પ્લેઈન્ટની વ્યાખ્યા કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે...,

***Section-2(d)** :- "complaint" means any allegation made orally or in writing to a Magistrate, with a*

*view to his taking action under this Code that some person, whether known or unknown, has committed an offence but does not include a police report.*

***Explanation*** : *"A report made by a police officer in a case which discloses after investigation, the commission of a non-cognizable offence shall be deemed to be a complain; and the police officer by whom such report is made shall be deemed to be the complainant."*

**૧૮.૨.** ઉપરોકત ફરીયાદ (કમ્પ્લેઇન્ટ) ની વ્યાખ્યા વંચાણે લેતા, તેના મહત્વના આવશ્યક તત્વો નીચે મુજબના ગણાવી શકાય.

**૧.** જ્ઞાત કે અજ્ઞાત વ્યકિતએ ગુનો કર્યો હોવો જોઈએ.

**૨.** ગુના સંદર્ભે આ અધિનિયમ હેઠળ પગલા લેવા માટે લેખિત કે મૌખિક રજુઆત કરેલ હોવી જોઈએ.

**3.** આવી લેખિત કે મૌખિક રજુઆત મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ કરવી જોઈએ અને તે ગુના સંદર્ભે કાર્યવાહી કરવા માટે હોવી જોઈએ. આમ, મેજીસ્ટ્રેટશ્રીને કોઈ ગુના સંદર્ભે જ્ઞાત કે અજ્ઞાત વ્યકિત વિરૂધ્ધ પગલા લેવા માટે લેખિત કે મૌખિક રજુઆતને ફરીયાદ (કમ્પ્લેઈન્ટ) ગણાવી શકાય.

**૧૮.3.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨(ડી) ની વ્યાખ્યા વંચાણે લેતાં, એમ.એમ.આર.ડી. એકટ કલમ-૨૨ હેઠળ જે કમ્પ્લેઈન્ટ કરવા અંગે જણાવેલ છે તે

સક્ષમ સત્તા અધિકારી ધ્વારા લેખિત કે મૌખિક રજુઆત મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ તે કાયદા હેઠળ બનતા ગુના બાબતે કાર્યવાહી કરવા સારૂ રજુઆત કરવી જોઈએ. એમ.એમ.આર.ડી.માં કમ્પ્લેઈન્ટની વ્યાખ્યા કરવામાં આવેલ ન હોય તે સંદર્ભે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨(ડી) વંચાણે લેતાં ગુનો બન્યાના સંદર્ભે પગલા લેવા માટે મૌખિક કે લેખિત આક્ષેપ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ કરવો જોઈએ. તે અર્થમાં કલમ-૨૨ ની જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ નથી. તેથી, આ કોર્ટ એમ.એમ.આર.ડી.ની કલમ-૨૨ ની જોગવાઈનું પાલન કરવામાં આવેલ ન હોય, તે સંજોગોમાં આરોપી સામેના ગુના સંદર્ભે કોગ્નીઝન્સ લઈ શકાય નહી અને જ્યારે કાયદાથી બાધ આવતો હોય ત્યારે, તે કાયદા હેઠળ બનતા ગુના સંદર્ભે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવુ આ કોર્ટનુ માનવુ છે. પરંતુ, નામદાર સુપ્રિમકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતને ઘ્યાને લેતા, ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબના ગુના સંદર્ભે ગુનાનુ કોગ્નીઝન્સ લેવામાં બાધ આવે નહી, આથી હાલના ગુનાના કામે **ઈ.પી.કો. કલમ-૩૭૯** મુજબના ગુના સંદર્ભે ચર્ચા કરવાની રહે છે.

**૧૯.** હાલના ગુના કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાઓની અરસપરસ છણાવટ કરીએ તો, ફરીયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક : ૫૪ થી રોયલ્ટી ઇન્સ્પેકટર ફરીયાદી ભવદીપભાઇ જયવંતભાઇ ડોડીયાનાઓનો પુરાવો નોંધાયેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તા.૨૯/૦૪/૨૦૨૦ ના પી.એસ.આઈ.શ્રી કલ્યાણપુર તથા તેઓની ટીમ કલ્યાણપુર તાલુકાના ભોગાત બંદરવાળા વિસ્તારમાં તપાસમાં હોય, તે દરમ્યાન નંબર વગરનુ એક લોડર (જોન ડીયર કોલરશીફ્ટ વી-૬) વડે દરીયાઈ રેતીનુ ગેરકાયદેસર ખનન કરી બે ડંમ્પરો એક જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ તથા બીજુ ડંમ્પર નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ ધ્વારા ભરવામાં આવતુ હતુ. તપાસ ટીમ સ્થળ ઉપર પહોચેલ તે પહેલા જ બંને ડંમ્પર ચાલકો ડંમ્પર લઈ ભાગી ગયેલ તેમજ લોડર ચાલક લોડર મુકી સ્થળ પરથી નાસી ગયેલ. સદર

લોડરના માલીક યોગેશ કરશનભાઈ ચાવડા છે જે બાબતે પી.એસ.આઈ. શ્રી ધ્વારા આગળની કાર્યવાહી અર્થે ભુસ્તરશાસ્ત્રીશ્રી ની કચેરી દેવભુમિ દ્વારકાને તા.૦૧/૦૫/૨૦૨૦ થી પત્ર પાઠવેલ જે લોડરના માલીકશ્રી યોગેશ કરશનભાઈ ચાવડાને તા.૦૮/૦૫/૨૦૨૦ થી લોડરની કંમ્પાઉન્ડીગ ફી રૂપીયા બે લાખ ભરપાઈ કરવા નોટીસ પાઠવેલ. પરંતુ લોડરના માલીક ધ્વારા દંડકીય રકમ ભરપાઈ કરેલ નથી તેમજ વાહન ડંમ્પર નંબર ૦૭૭૧ ના તપાસ દરમ્યાન ડંમ્પર ચાલક કાનાભાઈ સામતભાઈ કરમુર વાહનમા ભરેલ આશરે દસ મેટ્રીક ટન દરીયાઈ રેતી ખનીજ ખાલી કરી નાસી ગયેલ હોય, વાહન માલીકશ્રી તાજમામદભાઈ કાસમભાઈ મલેકને તેઓએ કરેલ આશરે દસ મેટ્રીક ટન દરીયાઈ રેતી ખનીજના બીન અધીકૃત વહન માટે રૂપીયા એક લાખ નવસો ચોર્યાસી પુરાની કારણ સદર્શક નોટીસ પાઠવેલ, પરંતુ તેઓ ધ્વારા દંડકીય રકમ ભરપાઈ કરેલ નથી. સદર ડંમ્પરના માલીક શ્રી સવદાસ દેશુરભાઈ ચાવડા છે જેઓનુ તેઓ ધ્વારા કરવામા આવેલ આશરે ૧૦ મેટ્રીક ટન દરીયાઈ રેતી ખનીજના બીન અધીકૃત વહન બદલ રૂપીયા એક લાખ નવસો ચોર્યાસીનુ કારણદર્શક નોટીસ પાઠવેલ. પરંતુ તેઓ ધ્વારા પણ દંડકીય રકમ ભરપાઈ કરેલ નથી. આથી, ભુસ્તરશાસ્ત્રી, દેવભુમિ દ્વારકા ખાણ ખનીજ ખાતાના હુકમ અન્વયે લોડર તેમજ બંને ડંમ્પરોના ડ્રાઈવરો તેમજ માલીકો સામે અમો ધ્વારા કલ્યાણપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ દાખલ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. આ સાહેદની આરોપીઓ તરફે ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ ખનન થતુ હોય તેવુ મારા ધ્યાન ઉપર આવેલ નહી. મે તા.૨૯/૪/૨૦૨૦ ના રોજ થી ફરીયાદ આપી ત્યાં સુધી મે સ્થળ ઉપર જઈ કોઈ તપાસ કરેલી નહી. પી.એસ.આઈ.ના રીપોર્ટના આધારે મારા ઉપલા અધીકારીએ મને જણાવતા મે લેખીત ફરીયાદ આપેલી. ફરીયાદમાં ફરીયાદ મોડી કરવાનુ કોઈ કારણ, ખુલાસો જણાવેલ નથી, સાહેદ જણાવે છે કે, નોટીસ આપવામા આવેલી અને દંડકીય રકમ જમા કરાવવા માટે સમય આપવામાં આવેલો જેથી મોડુ થયેલુ. મે કોઈ આરોપીને નોટીસ આપેલ નથી. ફરીયાદ આપતા પહેલા મે આર.ટી.ઓ.

કચેરીમાં મુદ્દામાલ વાહન બાબતે કોઈ તપાસ કરેલી નહી. મને ઓથોરાઈઝડ કરતો લેટર આંક-૫૬ વાળો બતાવવામાં આવે છે તે તા.૦૩/૦૬/૨૦૨૦ રોજનો છે અને ફરીયાદ તા.૧૨/૦૬/૨૦૨૦ ના રોજ આપેલ છે, આ દરમ્યાનના વિલંબ બાબતે મે ફરીયાદમા હકીકત જણાવેલ નથી. મે ફરીયાદ આપ્યા સીવાય બીજી કઈ કામગીરી કરેલ નથી. પોલીસ અધીકારીએ મારુ કોઈ નીવેદન નોંધેલ નથી. મે મારી ફરીયાદમાં કયા સર્વે નંબરમા ખનન કરવામા આવેલ તે જણાવેલ નથી. મે ફરીયાદ કરતા પહેલા કોઈ રેવન્યુ રેકર્ડ મેળવેલ નહી કે તપાસ કરેલ નહી. આમ, ફરીયાદીની જુબાની ઉપરથી આરોપીઓને ભોગાત ગામે આવેલ ભોગાત બંદરકાંઠેથી દરીયાના કીનારેથી બિનઅધિકૃત રીતે રોયલ્ટી વગર દરીયાઇ રેતીનુ ખનન વહન કરતા પકડેલ હોય, તેવુ ફરીયાદપક્ષ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી.

**૨૦.** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૬ તરીકે આંક : ૮૭ થી ઝાંઝાભાઈ લખમણભાઈ ઓડેદરાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તા.૨૯/૦૪/૨૦૨૦ ના રોજ અમો પો.સ્ટે. વીસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ભોગાત બંદર બાજુ પેટ્રોલીંગ દરમ્યાન અમો પોલીસને જોઈ એક ડંમ્પર દરીયાઈ રેતી ખાલી કરી ભાગેલ હોય જેનો પીછો કરી પકડતા જેના ડ્રાઈવરનુ નામ પંચો રૂબરૂ પુછતા મેરૂભાઈ ડોસાભાઈ નાઓ હોય અને સદરહુ દરીયાઈ રેતી રોયલ્ટી વગરની ભરેલ હોય અને જે રેતી ડંમ્પરમા ભરેલ હતી તે લોડર મારફતે ભરેલી હોય જે બાબતે ડ્રાઈવર મેરુભાઈનુ નીવેદન લેતા સદરહુ લોડર યોગેશભાઈના માલીકનુ હોય તે નીવેદન લીધેલ અને ખનીજ બાબતે ભુસ્તરશાસ્ત્રીને રીપોર્ટ કરેલ. ટ્રક/ડંમ્પર નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ નંબરનુ હતુ. આ ડંમ્પરમા લોડર ધ્વારા રેતી ભરવામાં આવેલ જેના માલીક યોગેશભાઈ ચાવડા હતા અને આ સાહેદની આરોપીઓ તરફે ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સ્થળ ઉપર કોઈ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરવામાં આવેલ નહી. હાલમા મને યાદ

નથી કે મુદામાલ વાહન બાબતે વજન કરાવી કાટાચીઠ્ઠી કરી હોય કે કેમ. મને આંક-૮૮ બતાવવામા આવે છે તે જોઈને જણાવુ છુ કે તે ડંમ્પર નં.જીજે. ૧૩.ડબલ્યુ.૦૭૭૧ ના ડ્રાઈવર સ્થળ ઉપર ડંમ્પર મુકી નાસી ગયેલ હોવાનુ જણાવેલ છે. મને આંક-૮૯ બતાવવામા આવે છે તે જોઈને જણાવુ છુ કે તે લોડરના ડ્રાઈવર સ્થળ ઉપર લોડર મુકી નાસી ગયેલ હોવાનુ જણાવેલ છે. મે સ્થળ ઉપરથી ખાણ ખનીજના અધીકારીને જાણ કરેલી નહી. મારા ધ્વારા આર.ટી.ઓ. અધીકારીને રીપોર્ટ કરવામાં આવેલ કે કેમ, તે હાલમાં મને યાદ નથી. મારા ધ્વારા વાહન ચાલક કે વાહન માલીકને કોઈ કારણદર્શક નોટીસ આપવામા આવેલ નહી. મે સ્થળ ઉપર કાર્યવાહી કરી ભુસ્તરશાસ્ત્રીને રીપોર્ટ કરેલ અને સ્ટે.ડા.માં વાહન બાબતે નોધ કરાવવા બાબતે કાર્યવાહી કરેલ તે સીવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ, આ સાહેદની જુબાની ઉપરથી આરોપીઓને ભોગાત ગામે આવેલ ભોગાત બંદરકાંઠેથી દરીયાના કીનારેથી બિનઅધિકૃત રીતે રોયલ્ટી વગર દરીયાઇ રેતીનુ ખનન વહન કરતા પકડેલ હોય, તેવુ ફરીયાદપક્ષ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી.

**૨૧.** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૭ તરીકે આંક : ૧૦૧ થી હરદાસભાઈ ભીખાભાઈ ચાવડાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ભોગાત બંદર જતા ત્યાં દરીયા કાંઠે બે ટ્રકમાં લોડર વડે દરીયાઈ રેતી ભરાતી હોય જેથી અમો ત્યાં જતા ટ્રક નં.જીજે.૧૩.ડબલ્યુ.૭૭૧ તથા બીજો ટ્રક જી.જે.૧૮.યુ.૬૨૯૪ તથા એક જોન ડીયર કંપનીનુ લોડર ત્યાં હતા જેમાંથી ટ્રક નં બર જીજે. ૧૩.ડબલ્યુ ૭૭૧ ના ડ્રાઈવર હાજર ન હતા તેમજ ટંક નં.૧૮ યુ.૬૨૯૪ ના મેરૂભાઈ ડોસાભાઈ હાજર મળેલ અને તેઓની પુછપરછ કરતા ઉપરોકત જીજે.૧૩.ડબલ્યુ.૭૭૧ ના ટ્રક ચાલક કાનાભાઈ કરમુર તથા લોડર યોગેશભાઈ ચાવડાનુ હોવાનુ જણાવેલ અને હાજર મળી આવેલ ઈસમ પાસે રોયલ્ટી કે પાસ પરમીટ ન હોય જેથી આ વાહનો કલ્યાણપુર પો.સ્ટે. લઈ આવી

ત્રણેય વાહન ચાલકો વિરૂધ્ધ ખાણ ખનીજ અધિકારીશ્રીના ખાતાકીય રાહે રોયલ્ટી દંડ વસુલવા માટે રીપોર્ટ પી.એસ.આઈ. શ્રી ઝેડ. એલ. ઓડેદરા સહેબે કરેલ હતો. બાદ આ લોકોએ દંડ ભરેલ ન હોય જેથી ખાણ ખનીજ અધિકારી ભવદીપભાઈ ડોડીયાએ કલ્યાણપુર પો.સ્ટે.માં આ વાહન ચાલકો તથા તપાસમા ખુલે તેના વિરૂધ્ધ ફરીયાદ આપેલ હતી અને આ સાહેદની આરોપીઓ તરફે ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મને બાતમી મળેલ ન હતી. અમે કયા વાહનમા નાઈટ રાઉન્ડમાં નીકળેલા તે વાહન નંબર જણાવેલ નથી, સાહેદ જણાવે છે કે વાહન ખાનગી હતુ. મે પોલીસ રૂબરૂના નીવેદનમાં ડ્રાઈવર કાના સામત કરમુર ટ્રક મુકીને નાસી ગયેલ તેવુ લખાવેલ છે. સ્થળ ઉપર ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરેલ નથી. વાહનનુ કોઈ વજન કરાવેલ નથી કે કોણ વ્યકિત ત્યાં વાહન લાવેલ તેની મને જાત માહિતી નથી.

**૨૨.** ફરીયાદપક્ષ તરફે ચાર્જશીટ કરનાર તથા તપાસ કરનાર અમલદારશ્રી કનુભાઇ અરશીભાઇ ચાવડાનાઓને સાહેદ નં.૮ તરીકે આંક : ૧૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં કલ્યાણપુર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૬૮૫/૨૦૨૦ ની આગળની તપાસ અમોને કલ્યાણપુર પો.સ્ટે.ના હેડ કોન્સ્ટેબલ લખમણભાઈ કે કાગડીયાનોઓ તરફથી મળતા અમોએ કાગળો સંભાળી આગળની તપાસ સંભાળેલ. તા.૨૯/૦૪/૨૦૨૦ ના રોજ કલ્યાણપુર પોલીસ સ્ટેશનના પો.સ.ઈ શ્રી ઝેડ.એલ. ઓડેદરા તથા પોલીસ સ્ટાફ રાત્રીના કલાક ૦૨:૦૦ વાગ્યે રેઈડ કરતા ભોગાત બંદર વિસ્તારમાં રેઈડ કરતા ડમ્પર બે તથા લોડર દરીયાઈ રેતી ભરતા મળી આવતા રેઈડ કરતા ડમ્પર ચાલક પોતાના ડમ્પરોમાં ભરેલી દરીયાઈ રેતી ખાલી કરી ડમ્પરો સ્થળ ઉપર છોડી જતા રહેલ હોય જેનો પીછો કરી પકડતા જેના ડ્રાઈવરનુ નામ પંચો રૂબરૂ પુછતા મેરૂભાઈ ડોસાભાઈ નાઓ હોય અને સદરહુ દરીયાઈ રેતી રોયલ્ટી વગરની ભરેલ હોય અને જે રેતી ડંમ્પરમા ભરેલ હતી તે લોડર મારફતે ભરેલી હોય જે બાબતે ડ્રાઈવર

મેરુભાઈનુ નીવેદન લેતા સદરહુ લોડર યોગેશભાઈના માલીકનુ હોય તે નીવેદન લીધેલ અને ખનીજ બાબતે ભુસ્તરશાસ્ત્રીને રીપોર્ટ કરેલ અને ભુસ્તરશાત્રીનાઓએ ડમ્પર ટ્રક જી.જે.૧૩ ડબલ્યુ-૦૭૭૧ ના માલિક તાજમોહમદ તથા ટ્રક નંબર જી.જે.૧૮ યુ-૬૨૯૪ ના માલિક સવદાસભાઈ દેસુરભાઈ ચાવડા તથા લોડરના માલિક યોગેશ કરશન ચાવડા નિયમ મુજબ નોટીસો કાઢી દંડ ભરવા જણાવેલ અને માલિકો ધ્વારા દંડ ન ભરતા ફરીયાદ ભવદીપભાઈ જયવંતભાઈ ડોડીયાએ રજીસ્ટર કરાવેલ તેમજ તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય, વાહનના માલિકોએ તપાસ અર્થે કબજે કરેલ ઉપરોકત નંબરવાળા વાહનો છોડવવા નામદાર કોર્ટમાં અરજીઓ કરતા અમોએ અભિપ્રાય નામદાર કોર્ટમાં આપેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરાવાઓ મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. આ સાહેદની આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તપાસ મળ્યા બાદ બનાવવાળા સ્થળ પર હુ રૂબરૂ ગયેલ નહી. મે તપાસ દરમિયાન તપાસ સંદર્ભે ખાણખનીજ વિભાગ કે મહેસુલ વિભાગ કે ડી.આઈ.એલ.આર ઓફિસ સાથે કોઈ પત્રવ્યવહાર કરેલ નહી. મે રેવન્યુ રેકર્ડ જોયેલ નહી કે તપાસેલ નહી. મે મારી તપાસ દરમિયાન કોઈ નિવેદન નોંધેલ નથી. મે મારી તપાસ દરમિયાન મુદ્દામાલનું વજન કરી કાંટા ચીઠી મેળવેલ હોય તેવુ બનેલ નથી. આરોપીના અટક કર્યા અંગેના પંચનામા કરેલા નથી. મારી તપાસ દરમિયાન દરીયાઈ રેતી મળી આવેલ હોય તેવુ બનેલ નથી. વાહન બાબતે આર.ટી.ઓ કચેરી સાથે કોઈ પત્રવ્યહાર કરેલ નથી. અમારી તપાસ દરમિયાન આરોપીઓને નોટીસ આપેલ હોય તેવુ બનેલ નથી. મે મારી તપાસ દરમિયાન વજન તથા ગુણવતા નકકી કરવા મે કોઈ કાર્યવાહી કરેલ નથી. ફરીયાદ મોડી આપવા બાબતે ફરીયાદીનું કોઈ વિશેષ નિવેદન નોંધેલ નથી. આમ, તપાસ કરનાર અમલદારશ્રીની જુબાનીથી તેઓએ સદરહુ ગુનાની તપાસ મળતા, ફરજના ભાગરૂપે પોતાની કામગીરી કરી, આરોપીઓ સામે પુરતા પુરાવા મળી આવતા ચાર્જશીટજ કરેલ હોવાની હકીકત જણાય આવે છે.

**૨૩.** ફરીયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદારશ્રી લખમણભાઇ કરશનભાઇ કાગડીયાનાઓને સાહેદ નં.૯ તરીકે આંક : ૧૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સદરહુ ગુનો પી.એસ.ઓ. કે.એ.ચાવડાએ દાખલ કરી આગળની તપાસ અમોને સોંપતા અમોએ આ કામે કલ્યાણપુર પોલીસ સ્ટેશન ખાતે રખાવેલ વાહનો બે ટ્રક જેમા એકના રજી.નં.જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ તથા બીજા ટ્રકના રજીસ્ટર નં.જી.જે.૧૩.યુ. ૬૨૯૨ લગભગ હતા તથા એક લોડર હતુ, જે નંબર પ્લેટ વગરનુ હતુ જે વાહનોનુ પંચોની હાજરીમાં પંચનામું કરેલ તથા બાદ સ્થાનીક જગ્યા ભોગાત ગામના દરીયાકાંઠા વિસ્તારેમા આવેલ હોય તેનુ પંચનામુ કરેલ અને લાગતા વળગતા પોલીસ કર્મચારી સાહેદોના નીવેદનો નોધેલ તથા અમારી બદલી અન્ય બીટમાં થઈ જતા અમોએ આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ કે.એ.ચાવડાને સોંપી આપેલ હોવાનો પુરાવો આપેલ છે. આ સાહેદની આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ દોઢ મહિના જેટલો સમય લેટ હતી તે અંગે મે તપાસ કરેલ નહી. રેડ કરવામા આવી તે વખતે હુ રેડમાં સામેલ ન હતો. મે આંક-૪૭ વાળું મુદ્દામાલ કબ્જ કર્યાના પંચનામા કરતા અગાઉ બનાવવાળી જગ્યાનુ રેવન્યુ રેકર્ડ ચકાસેલ નહી. મે મારી તપાસ દરમ્યાન મુદ્દામાલ ટ્રક અને ટ્રેકટર લોડર જોન ડીઅરના માલીક કોણ છે તે અંગે આર.ટી.ઓ.માં પત્ર વ્યવહાર કરી ખરાઈ કરેલ નહી. મે દરીયાઈ રેતીની ગુણવતા નકકી કરવા માટે ખાણ ખનીજ વિભાગ સાથે કોઈ પત્રવ્યવહાર કરેલ નહી. આંક-૪૭ વાળા મુદામાલ કબ્જે કર્યાના પંચનામામાં કબ્જે કરવામાં આવેલ ટ્રકોમાં દરીયાઈ રેતી ન હતી. મે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કર્યુ તે વખતે રેવન્યુ રેકર્ડથી ખરાઈ કરેલ નહી. મુદામાલ દરીયાઈ રેતી ટ્રકમાં ભરતા કોઈ સ્વંતત્ર સાહેદના નીવેદન મે લીધેલ નથી, સાહેદ જણાવે છે કે પોલીસ સાહેદ જે રેડ સમયે હાજર હતા, તેઓના નીવેદન લીધેલા. મે મારી તપાસ દરમ્યાન ડી.આઈ.એલ.આર. મારફતે બનાવવાળી જગ્યાની માપણી કરાવેલ નથી. મે મારી તપાસ દરમ્યાન ત.ક.મંત્રી તથા ખાણ ખનીજ વિભાગના

અધિકારીઓ/કર્મચારીઓના નીવેદન નોંધેલ નથી. આમ, ત.ક.અમલદારશ્રીની જુબાની ઉપરથી તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લઇ, ફરજના ભાગરૂપે પોતાની કામગીરી કરેલ હોવાની હકીકત જણાય આવે છે.

**૨૪.** ફરીયાદ હકીકત વંચાણે લેતા, ગઇ તા.૨૯/૦૪/૨૦૨૦ ના કલાક : ૦૨/૦૦ વાગ્યે આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ વાળાએ પોતાની માલીકીના લોડર નં.જી.જે.૧૨.બીજી.૦૪૮૪ થી, આરોપી નં.૨ ના લોડરના ડ્રાઈવરે, આરોપી નં.૪ તથા ૫ ના માલીકીના ડમ્પર ટ્રક નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ ના ડ્રાઈવર આરોપી નં.૩ તથા આરોપી નં.૭ વાળાની માલીકીની ટ્રક ડમ્પર નં.જી.જે.૧૩.ડબલ્યુ.૦૭૭૧ ના ડ્રાઈવર, આરોપી નં.૬ વાળાઓએ ભોગાત ગામ, ભોગાત બંદરકાંઠે દરીયાના કીનારેથી બિનઅધિકૃત રીતે રોયલ્ટી વગર દરીયાઈ રેતીનુ ખનન વહન કરી કુલ કીમત રૂપીયા ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરાની) ચોરી કરી ગુનો કરેલ. તે અંગેની ફરીયાદ કલ્યાણપુર પો.સ્ટે.માં આપતા, કલ્યાણપુર ગુ.ર.નં. ૧૧૧૮૫૦૦૩૨૦૦૬૮૫/૨૦૨૦, ઈ.પી.કો. કલમ-૩૭૯ તથા માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટની કલમ-૪(૧) અને ૪(૧)એ, ૨૧(૧) અને ૨૧(૫) તથા ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ-૨૦૧૭ ના રૂલ્સ-૩ અને ૨૧ મુજબના ગુના સબબ રોયલ્ટી ઇન્સ્પેકટર ફરીયાદીશ્રી ભવદીપભાઇ જયવંતભાઇ ડોડીયાનાઓએ તા.૧૨/૦૬/૨૦૨૦ ના રોજ આપેલ હતી.

**૨૪.૧.** આ કામે રોયલ્ટી ઇન્સ્પેકટર ફરીયાદીશ્રી ભવદીપભાઇ જયવંતભાઇ ડોડીયાનાઓનો પુરાવો નોંધાયેલ છે, તેઓએ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ ખનન થતુ હોય તેવુ મારા ધ્યાન ઉપર આવેલ નહી. મે તા.૨૯/૪/૨૦૨૦ ના રોજ થી ફરીયાદ આપી ત્યાં સુધી મે સ્થળ ઉપર જઈ કોઈ તપાસ કરેલી નહી. પી.એસ.આઈ.ના રીપોર્ટના આધારે મારા ઉપલા

અધીકારીએ મને જણાવતા મે લેખીત ફરીયાદ આપેલી. ફરીયાદ આપ્યા બાદ મારે પોલીસ સાથે બનાવવાળા સ્થળે જવાનુ બનેલુ નહી. ફરીયાદમાં ફરીયાદ મોડી કરવાનુ કોઈ કારણ, ખુલાસો જણાવેલ નથી, સાહેદ જણાવે છે કે, નોટીસ આપવામા આવેલી અને દંડકીય રકમ જમા કરાવવા માટે સમય આપવામાં આવેલો જેથી મોડુ થયેલુ. મે કોઈ આરોપીને નોટીસ આપેલ નથી. મને આંક-૫૭ થી ૫૯ વાળી કારણદર્શક નોટીસ બતાવવામા આવે છે તે નોટીસ રૂબરૂમાં બજાવવામાં આવેલ નથી. ફરીયાદ આપતા પહેલા મે આર.ટી.ઓ. કચેરીમાં મુદ્દામાલ વાહન બાબતે કોઈ તપાસ કરેલી નહી. મે આંક-૫૫ વાળી ફરીયાદ જાતે તૈયાર કરેલી. મને ઓથોરાઈઝડ કરતો લેટર આંક-૫૬ વાળો બતાવવામાં આવે છે તે તા.૦૩/૦૬/૨૦૨૦ રોજનો છે અને ફરીયાદ તા.૧૨/૦૬/૨૦૨૦ ના રોજ આપેલ છે, આ દરમ્યાનના વિલંબ બાબતે મે ફરીયાદમા હકીકત જણાવેલ નથી. મે ફરીયાદ આપ્યા સીવાય બીજી કઈ કામગીરી કરેલ નથી. પોલીસ અધીકારીએ મારુ કોઈ નીવેદન નોંધેલ નથી. મે મારી ફરીયાદમાં કયા સર્વે નંબરમાં ખનન કરવામા આવેલ તે જણાવેલ નથી. મે ફરીયાદ કરતા પહેલા કોઈ રેવન્યુ રેકર્ડ મેળવેલ નહી કે તપાસ કરેલ નહી. આમ, ફરીયાદપક્ષ મહત્વના કહી શકાય એવા ફરીયાદીની જુબાનીથી તથા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી.

**૨૫.** ઉપર મુજબના રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓની અરસપરસ છણાવટ કરતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરીયાદ હકીકત મુજબ બનાવ સમયે સ્થળ ઉપરથી મુદ્દામાલ ડમ્પરો તથા લોડર દરીયાઇ રેતી ભરેલા કબજે કરવામાં આવેલ છે. પરંતુ, મુદ્દામાલ ડમ્પર કબજે કર્યાના પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. બનાવવાળી જગ્યાએથી બે ડમ્પર તથા એક લોડરમાંથી દરીયાઇ રેતી ખાલી કરી, ડમ્પરો તથા લોડર સ્થળ ઉપર છોડી જતા રહેલ છે, બનાવવાળી જગ્યાના પંચસાહેદો હોસ્ટાઇલ છે તેથી બનાવવાળી જગ્યાનુ

પંચનામુ સાબિત થતુ નથી. વાહન માલીકોને નોટીસ આપેલ છે પરંતુ, તે નોટીસની બજવણી થયેલ હોય તેવો કોઇ આધાર પુરાવો આ કામે રજુ થયેલ નથી. વાહન માલીકોએ મુદ્દામાલ વાહનો કોર્ટમાંથી છોડાવેલ છે. પરંતુ, મુદ્દામાલ વાહનોમાં દરીયાઇ રેતી ભરી વહન કરતા હોય, તેવુ ફરીયાદપક્ષે પુરવાર કરેલ નથી. સ્થળ ઉપરથી મુદ્દામાલ ડમ્પરો અને લોડર કબજે કરવામાં આવેલ હોય તો, સીઝરમેમો હાલના ગુનાના કામે ફરીયાદપક્ષે રજુ કરેલ નથી અને તે અંગેનુ કોઈ પંચરોજકામ કે સ્થળ રોજકામ કરવામાં આવેલ નથી. સ્થળ ઉપર કોઈ વ્યકિત હાજર મળી આવેલ નથી કે જેણે રેડીંગ પાર્ટી, પોલીસ કર્મચારી તથા ખાણ ખનિજના અધિકારીની હાજરીમાં ગેરકાયદેસર ખનીજનુ ખનન થતા જોયેલ હોય. રેઈડ દરમ્યાન આરોપીને સ્થળ ઉપર દરીયાઈ રેતીની ચોરી કરતા કોઈ સ્વતંત્ર સાહેદોએ જોયેલ નથી. આ કામે ફરીયાદીએ કોર્ટમાં કોઈ ફરીયાદ કરેલ નથી. સ્થળ ઉપરથી મુદ્દામાલ ડમ્પરો તથા લોડર કબજે કરવામાં આવેલ છે જેના પંચો તથા બનાવવાળી જગ્યાના પંચો હોસ્ટાઈલ છે. આથી, મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ આંક : ૪૭ તથા બનાવવાળી જગ્યાનુ પંચનામુ આંક : ૪૩ વાળુ સાબિત થતુ નથી.

**૨૫.૧.** આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે ચર્ચા કરીએ તો, જે જગ્યાએથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે જગ્યામાંથી ગેરકાયદેસર ખનન થયેલ છે તે જગ્યા સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. પરંતુ, બનાવવાળી જગ્યા, મુદ્દામાલ કબજે કર્યા બાબતે પંચનામાઓ કરવામાં આવેલ છે તે તમામ પંચસાહેદો બનાવવાળી જગ્યા બાબતે તથા મુદ્દામાલ કબજે કર્યા બાબતે કશુ જાણતા નહી હોવાનો પુરાવો આપે છે. મુદ્દામાલ વાહન ડમ્પરો તથા લોડર કબજે કરવામાં આવેલ છે તે કોઈની હાજરીમાં કબજે કરવામાં આવેલ હોય, તેવો ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓ ઉપરથી જણાય આવતુ નથી. મુદ્દામાલ વાહન ડમ્પરો તથા લોડર સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ હોય, તે અંગેનો સીઝરમેમો ખાણ ખનિજ વિભાગના અધિકારીઓએ સ્થળ ઉપર વાહન ચાલકો કે

માલીકોની હાજરીમાં તૈયાર કરેલ હોય, તેવો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે સીઝરમેમો સ્થળ ઉપરથી તૈયાર કરવામાં આવેલ તેવો કોઈ મૌખિક પુરાવો આપવામાં આવેલ નથી. ફરીયાદમાં ગુનાના કામે સંડોવાયેલ વાહન ડમ્પર નં.જી.જે. ૧૮.યુ.૬૨૯૪ જણાવેલ છે. જયારે સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ડમ્પર નં.જી.જે.૧૮.યુ.૯૪૬૨ અંગે ભુસ્તરશાસ્ત્રીશ્રીએ રોયલ્ટી ઇન્સ્પેક્ટરશ્રીને ફરીયાદ અંગે આંક : ૫૬ ના પત્રથી જણાવેલ છે અને જે નોટીસ આપવામાં આવેલ છે તે નોટીસ મુદ્દામાલ વાહન ડમ્પર નં.જી.જે.૧૮.યુ.૯૪૬૨ અંગે આપવામાં આવેલ છે. દરીયાઈ રેતી હોવા અંગે વે-બ્રીજની કોઈ કાંટા ચીઠ્ઠી/વજન ચીઠ્ઠી રજુ કરેલ નથી. આમ, ગુનાવાળી જગ્યા તથા મુદ્દામાલ કબજે કર્યા બાબતેનુ પંચનામુ ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. તેથી, મુદ્દામાલ વાહન ડમ્પરો તથા લોડર કબજે કરેલ હોવાનુ શંકા ઉપજે તેમ છે. આમ, બનાવવાળી જગ્યા તે જ છે કે કેમ? અને મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે પણ તે જ છે કે કેમ? તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે.

**૨૬.** આમ, જો કેન્દ્ર સરકાર અગર રાજ્ય સરકાર ધ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તે વ્યકિત ધ્વારા કોર્ટમાં લેખિત ફરીયાદ કરવામાં ન આવે તો કોર્ટને એમ.એમ.આર.ડી. એકટ તળેના ગુન્હાના કોગ્નીઝન્સ સામે બાધ છે. હાલના કામે રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર ધ્વારા અધિકૃત વ્યકિત ધ્વારા હાલના ગુન્હાની અત્રેની અદાલત સમક્ષ કોઈ ફરીયાદ કરવામાં આવેલ નથી, પરંતુ પોલીસ સમક્ષ રજુ ફરીયાદ સબબ નોંધાયેલ એફ.આઈ.આર. આધારે હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે. જેથી, એમ.એમ.આર.ડી. એકટ તળેના ગુન્હાના કોગ્નીઝન્સ સબબ એમ.એમ.આર.ડી. એકટની કલમ-૨૨ મુજબ કોગ્નીઝન્સનો સ્પષ્ટપણે બાધ જણાય છે. જ્યારે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લઈ તે પુરાવાઓની છણાવટ કરતા, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. બનાવવાળી જગ્યાએથી દરીયાઈ રેતીનુ ગેરકાયદેસર ખનન કરી,

મુદ્દામાલ વાહન ડમ્પરો અને લોડર વડે વહન, લોડ કરતા હોય તે હકીકત પણ ફરીયાદપક્ષના સાહેદોની જુબાની ઉપરથી પુરવાર થતુ નથી. સ્થળ ઉપર આરોપીની હાજરી ન હતી. મુદ્દામાલ વાહન ડમ્પરો અને લોડર કબજે કર્યાના પંચસાહેદો ફરીયાદપક્ષનો કેસની હકીકતે સમર્થન કરતા નથી. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**૨૬.૧.** ઉપરોકત રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓની અરસપરસ છણાવટ કરતા, આ કામના આરોપીએ તા.૨૯/૦૪/૨૦૨૦ ના કલાક : ૦૨/૦૦ વાગ્યે આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ વાળાએ પોતાની માલીકીના લોડર નં.જી.જે.૧૨.બીજી.૦૪૮૪ થી, આરોપી નં.૨ ના લોડરના ડ્રાઈવરે, આરોપી નં.૪ તથા ૫ ના માલીકીના ડમ્પર ટ્રક નં.જી.જે.૧૮.યુ.૬૨૯૪ ના ડ્રાઈવર આરોપી નં.૩ તથા આરોપી નં.૭ વાળાની માલીકીની ટ્રક ડમ્પર નં.જી.જે.૧૩.ડબલ્યુ. ૦૭૭૧ ના ડ્રાઈવર, આરોપી નં.૬ વાળાઓએ ભોગાત ગામ, ભોગાત બંદરકાંઠે દરીયાના કીનારેથી બિનઅધિકૃત રીતે રોયલ્ટી વગર દરીયાઈ રેતીનુ ખનન વહન કરી કુલ કીમત રૂપીયા ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરાની) ચોરી કરી, ઈ.પી.કો. કલમ-૩૭૯ તથા માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટની કલમ-૪(૧) અને ૪(૧)એ, ૨૧(૧) અને ૨૧(૫) તથા ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ-૨૦૧૭ ના રૂલ્સ-૩ અને ૨૧ મુજબનો ગુનો કરેલાનુ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ ન હોય, ઉપર મુજબની ચર્ચાને આધારે **મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ નકારમાં ઠરાવી,** મુદ્દા નં.૩ સબબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

- આ કામના આરોપીઓને **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧)** હેઠળ **ઈ.પી.કો. કલમ-૩૭૯** મુજબના

ગુના સબબ શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના આરોપીઓને **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧)** હેઠળ માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટની કલમ-૪(૧) અને ૪(૧)એ, ૨૧(૧) અને ૨૧(૫) તથા ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ-૨૦૧૭ ના રૂલ્સ-૩ અને ૨૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી એમ.એમ.આર.ડી. એકટની કલમ-૨૨ ની જોગવાઇ મુજબ બાધ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીઓના અગાઉના જામીન તથા જાતમુચરકા રદ કરવા.

- આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) અન્વયે અપીલ સમય માટેના છ મહિના સુધીના દરેકે રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ની રકમના જાત મુચરકા તેમજ તેટલી જ રકમના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

- ખાણ ખનીજ ખાતાએ કબજે કરેલ મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમાં સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમી કરવામાં આવે છે.

- ગુનાના કામે કબજે કરવામાં આવેલ અન્ય મુદ્દામાલ ખાણ ખનીજ ખાતાએ કાયદાની જોગવાઈ મુજબ યોગ્ય કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ **તા.૧૩, માહે-ઓગષ્ટ, સને-૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૩/૦૮/૨૦૨૬**
**ખંભાળીયા.**

**(એસ.જી.મનસુરી)**
સ્પેશ્યલ જજ (એમ.એમ.આર.ડી.)
અને બીજા એડીશ્નલ સેશન્સ જજ
દેવભૂમિ દ્વારકા, મુ.ખંભાળીયા

*(વી.કે.જુંગી)*

Code No.G.J.00603